

P.07

ભારતને ઘણી વખત ઓસ્કાર એવોર્ડથી વંચિત રાખવામાં આવ્યું છે : દીપિકા પાદુકોણ

# લોક પત્રિકા

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673



P.07

ઓટીટી રાઈટ્સના વાંકે જાહ્નવીની ફિલ્મની રીલિઝ પાછળ ઠેલાઈ

તંત્રી : અવેશ માલવિયા | સ્થાપના ૨૦૧૦ | વર્ષ : ૦૩ અંક : ૨૨૦ | વિક્રમ સંવત ૨૦૮૧ : ફાગણ વદ ૧૦ | પાના - ૦૮ | કિંમત : ૪ | અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 220 • Dt.25-03-2025 Tuesday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125


અમેરિકન ડોલર સામે ભારતીય રૂપિયો વધુ મજબૂત થઈને ૮૫.૯૦ ઉપર પહોંચી ગયો!!



07

25
MARCH- 2025
TUESDAY



07

બ્રિટનના અનેક ભાગોમાં પૂર । ૪૦૦થી વધુ વીજળી પડવાની ઘટનાથી ફફડાટ

**બે સ્થળોને દારૂ પીરસવાનો લાયસન્સ** | ગિફ્ટ સિટીમાં એલ્કોહોલ માટે સારી એવી માંગ છે અને સરકારને પણ એમાંથી મોટો આર્થિક ફાયદો થઈ રહ્યો છે

# ગિફ્ટ સિટીમાં છેલ્લા એક વર્ષમાં કુલ ૨૩,૭૦૯ લિટર દારૂ વેચ્યો

## ગુજરાતમાં દારૂ પર પ્રતિબંધ હોવા છતાં, ખાસ ઈકોનોમિક ઝોન તરીકે વિકસાવાઈ રહેલી ગિફ્ટ સિટીમાં વિદેશી માહોલ અનુકૂળ બનાવવા માટે હોટલ અને ક્લબમાં દારૂ પીવાની છૂટ આપવામાં આવી છે

। પ્રતિનિધિ, ગાંધીનગર,તા.૨૪ ।

ગુજરાતમાં દારૂ પર પ્રતિબંધ હોવા છતાં, ખાસ ઈકોનોમિક ઝોન તરીકે વિકસાવાઈ રહેલી ગિફ્ટ સિટીમાં વિદેશી માહોલ અનુકૂળ બનાવવા માટે હોટલ અને ક્લબમાં દારૂ પીવાની છૂટ આપવામાં આવી છે. આ નીતિ અંતર્ગત છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકારને ૯૪.૧૯ લાખની આવક થઈ છે. આથી સ્પષ્ટ થાય છે કે ગુજરાતમાં દારૂ પર પ્રતિબંધ હોવા છતાં, ગિફ્ટ સિટીમાં એલ્કોહોલ માટે સારી એવી માંગ છે અને સરકારને પણ એમાંથી મોટો આર્થિક ફાયદો થઈ રહ્યો છે.ગુજરાત સરકારે ગિફ્ટ સિટીમાં માત્ર બે સ્થળોને દારૂ પીરસવાનો લાયસન્સ આપ્યો છે: ૧.ધ ગ્રાન્ડ માર્ક્યુરી હોટલ,૨.ગિફ્ટ સિટી ક્લબ હોટલ અને ક્લબમાં માત્ર વિદેશી નાગરિકો, NRI અને ગિફ્ટ સિટીમાં કામ કરતા લોકોને સ્પેશિયલ પરમિશન હેઠળ દારૂ પીવાની મંજૂરી આપ વામાં આવે છે. સામાન્ય ગુજરાતીઓ માટે હજી પણ દારૂ પર પ્રતિબંધ યથાવત્ છે.ગુજરાતમાં દારૂ ઉપર સંપૂર્ણ પ્રતિબંધ છે. પરંતુ ગિફ્ટ સિટી, એક આંતરરાષ્ટ્રીય નાણાકીય હબ તરીકે વિકસાવવામાં આવી રહ્યુ હોવાથી, ત્યાં આંતરરાષ્ટ્રીય રોકાણકારો અને વિદેશી નાગરિકો માટે વૈશ્વિક માહોલ બનાવવાની જરૂર છે. તેથી, સરકારે વિશ્વ ધોરણની સુવિધાઓ આપવાના હેતુથી અહીં દારૂ પીવાની છૂટ આપી છે.ગુજરાતમાં દારૂ પ્રતિબંધ એક સંવેદનશીલ મુદ્દો છે. ગિફ્ટ સિટીમાં આ છૂટછાટ મળતા, આજે વિધાનસભા ગૃહમાં વિપક્ષ દ્વારા સરકાર પર સવાલ ઉઠાવાયા હતા.



### સામાન્ય ગુજરાતીઓ માટે હજી પણ દારૂ પર પ્રતિબંધ યથાવત્

વિપક્ષી નેતાઓએ તર્ક આપ્યો છે કે જો દારૂ ગિફ્ટ સિટીમાં ચાલે છે, તો પછી સમગ્ર રાજ્ય માટે અલગ નિયમ શા માટે? બીજુ કારણ એ છે કે સરકાર આલ્કોહોલ વેચાણ પરથી આવક મેળવી રહી છે, છતાં તે રાજ્યમાં દારૂ બંધીની નીતિ જાળવી રાખે છે.ગિફ્ટ સિટીમાં દારૂના વેચાણમાં જે રીતે વૃદ્ધિ થઈ રહી છે, એનો અર્થ એ છે કે ત્યાં દારૂ માટે મોટી માંગ છે. સરકાર માટે આ મહત્વનો આવક સ્રોત બની શકે છે, પરંતુ એક તરફ પ્રતિબંધિત રાજ્યમાં સરકાર દ્વારા દારૂ વેચાણથી કમાણી કરવી કેટલી ન્યાયસંગત? એ સવાલ ઉઠી રહ્યો છે. સરકારે વિશ્વ ધોરણની સુવિધાઓ આપવાના હેતુથી અહીં દારૂ પીવાની છૂટ આપી છે.ગુજરાતમાં દારૂ પ્રતિબંધ એક સંવેદનશીલ મુદ્દો છે. ગિફ્ટ સિટીમાં આ છૂટછાટ મળતા, આજે વિધાનસભા ગૃહમાં વિપક્ષ દ્વારા સરકાર પર સવાલ ઉઠાવાયા હતા.

### મંત્રીપુત્રની એજન્સીને ૧૦૦ કરોડ રૂપિયા નહીં, પરંતુ ૨૫૦ કરોડ રૂપિયા ચૂકવાયાં હોવાનો ઘટસ્ફોટ

## દાહોદ મનરેગા કૌભાંડ । ભ્રષ્ટ અધિકારીઓની મિલીભગત

## મંત્રીપુત્રની એજન્સીને આશરે રૂપિયા ૨૫૦ કરોડ ચૂકવાયા

### ગરીબો-સ્થાનિક ગરીબોને રોજગારી મળી રહે તેવા ઉમદા હેતું સાથેની યોજના પણ હવે ભ્રષ્ટાચારી નેતાઓ માટે કમાણીની યોજના બની રહી છે । સ્થળ પર કામો થયા નથી । તેમ છતાંય લાખો કરોડોના બિલો ચૂકવી દેવામાં આવ્યાં

। પ્રતિનિધિ, દાહોદ, તા.૨૪ ।

ગરીબો-સ્થાનિક ગરીબોને રોજગારી મળી રહે તેવા ઉમદા હેતું સાથેની યોજના પણ હવે ભ્રષ્ટાચારી નેતાઓ માટે કમાણીની યોજના બની રહી છે. સત્તાના જોરે મંત્રીપુત્ર, પરિવારજનો અને ભ્રષ્ટ અધિકારીએ મીલીભગતથી દાહોદ જિલ્લામાં મનરેગા કૌભાંડ આચર્યું છે. જેમાં મંત્રીપુત્રની એજન્સીને ૧૦૦ કરોડ રૂપિયા નહીં, પરંતુ ૨૫૦ કરોડ રૂપિયા ચૂકવાયાં હોવાનો ઘટસ્ફોટ થયો છે. નવાઈની વાત તો એછે કે, સ્થળ પર કામો થયા નથી. તેમ છતાંય લાખો કરોડોના બિલો ચૂકવી દેવામાં આવ્યાં છે. આ સમગ્ર કૌભાંડની તપાસ માટે રાજ્ય સરકાર તપાસ કમિટીની રચના કરે તેવી માંગ ઊઠી છે. દાહોદ જિલ્લાના ધાનપુર અને દેવગઢ બારિયા તાલુકામાં મહાત્મા ગાંધી રોજગાર ગેરંટી યોજના હેઠળ તળાવ ઊંડા કરાયાં છે. આજ વિસ્તારમાં ગટર ઉપરાંત આરસીસીના માર્ગો, ચેકડેમ પણ બનાવાયા છે. નાણાંપંચ અને એટીવીટી હેઠળ વિવિધ વિકાસના કામો કરવામાં આવ્યા છે. આ બધાય કામોનો રાજ કન્સ્ટ્રક્શનને આપવામાં આવ્યો છે. આ માનીતી એજન્સીના માલિક એક મંત્રીના પુત્ર છે. વર્ષ ૨૦૨૦થી માંડીને વર્ષ ૨૦૨૪-૨૫ સુધીમાં રાજ કન્સ્ટ્રક્શનના માલિક બળવંત ખાબડના ખાતામાં ૨૧૧ કરોડ રૂપિયા ચૂકવાયાં છે. જ્યારે હજુ ૨૦ કરોડ રૂપિયા ચૂકવવાના બાકી છે.

### યુવતીના ભાઇએ યુવકને જાહેરમાં છરીને ઘા મારીને મોતને ઘાટ ઉતારી દીધો

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૨૫ ।

અમદાવાદ જિલ્લાના દેત્રોજમાં આવેલા ભાટ વાસણા ગામમાં રહેતા એક શખ્સે તેની બહેન સાથે અન્ય એક યુવકને પ્રેમ સંબધ હોવાની શંકા રાખીને જાહેરમાં છરીના ઘા ઝીંકીને મોતને ઘાટ ઉતાર્યો હતો. આ અંગે દેત્રોજ પોલીસે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે. જે અંગે પોલીસે આરોપીની ધરપકડ કરી છે. જ્યારે ઝડપાયેલા આરોપીના પિતાના શોધખોળ શરૂ કરીછે. દેત્રોજના ભાટવાસણા ગામમાં રહેતા સચિનસિંહ સોલંકીએ ફરિયાદ નોંધાવી છે કે તેના ભાઈ શાન્તુભા અને ગામમાં રહેતા વિક્રમસિંહ સોંલકીની પુત્રી રીના સાથે મિત્રતા હતી. જેની અદાવત રાખીને વિક્રમસિંહે શાન્તુભાને રીના સાથે વાત ન કરવાની ધમકી આપતો હતો.

### બનાસકાંઠા જિલ્લાની ૯૭૨ પૈકી ૩૯૦ ગ્રામ પંચાયતોમાં વહિવટદાર શાસન

## બનાસકાંઠા-વાવ અને થરાદ જિલ્લાના વિભાજન વિવાદ વચ્ચે ૭૭૪ ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજવાની હિલચાલ

### ૩૯૦ ગ્રામ પંચાયતોમાં વહિટવટદાર શાસન હોવાથી વિકાસના કામો અટકી પડયા । ગ્રામજનોને પંચાયતની કચેરીએ ધક્કા ખાવાની નોબત આવી

। પ્રતિનિધિ, પાલનપુર,તા.૨૪ ।

બનાસકાંઠા જિલ્લાની ૯૭૨ પૈકી ૩૯૦ ગ્રામ પંચાયતોમાં વહિવટદાર શાસન છે. જિલ્લાના કુલ ૭૭૪ ગ્રામ પંચાયતોમાં ચૂંટણી યોજવા માટે તંત્રએ તૈયારી હાથ ધરી છે. મતદાન મથકો બાબતે પરિપત્ર કરીને તંત્રએ કેટલાક સૂચનો આપ્યા હતા. મતદાન મથકોની ભૌતિક ચકાસણી સહિતનો સમાવેશ થયો છે. જયારે ૩૯૦ ગ્રામ પંચાયતોમાં વહિટવટદાર શાસન હોવાથી વિકાસના કામો અટકી પડયા છે. ગ્રામજનોને પંચાયતની કચેરીએ ધક્કા ખાવાની નોબત આવી છે. જેથી વહેલી તકે ચૂંટણી યોજાય તેવી માગણી કરવામાં આવી રહી છે.



બનાસકાંઠા જિલ્લામાં તાજેતરમાં જ વાવ થરાદ જિલ્લાનું વિભાજન થયું છે. જોકે બનાસકાંઠા જિલ્લામાં ૧૪ જેટલા તાલુકાઓ હતા. રાજ્યમાં બનાસકાંઠા જિલ્લો સૌથી મોટી જિલ્લોઓની યાદીમાં આવે છે. બનાસકાંઠા જિલ્લામાં અંદાજે ૩૮ લાખથી પણ વધારે લોકો રહે છે.

જોકે શહેરોને બાદ કરતાં મોટાભાગના લોકો ગામડાઓમાં રહે છે. હવે માટે જ આ જિલ્લામાં ૯૭૨ જેટલી ગ્રામ પંચાયતો આવેલી છે જે ગામડામાં રહેતા લોકોના સુખાકારી સુવિધાઓ અને પ્રશ્નોને હલ કરે છે. તો વળી ગ્રામ પંચાયતોના વહીવટને સુનિચિત કરવા સ્થાનિક સ્વરાજની ચૂંટાયેલી બોડી કાર્ય કરતી હોય છે પરંતુ ઘણા લાંબા સમયથી બનાસકાંઠા જિલ્લાની ૩૯૦થી પણ વધુ ગ્રામ ગ્રામ પંચાયતોમાં પંચાયત બોડીની ટર્મ પુરી થઈ ગઈ હોવાથી આવી તમામ ગ્રામ પંચાયતોમાં રાજ્ય સરકાર દ્વાર નિયુક્ત કરાયેલા અધિકારીઓ વહિવટદાર તરીકે ચાર્જ સંભાળે છે.

જોકે વહિવટદારના શાસનથી પંચાયત અમલમાં નહીં હોવાથી સરકાર તરફથી ગ્રામ પંચાયતોને મળતી ગ્રાન્ટ અને તેને લીધે થતા અનેક વિકાસકામો ખોરંભે ચડ્યા છે.

### બાપુનગર અને રબારી કોલોની ખાતે રસ્તા પર ચાલીને જતાં બે આધેડના મોત

## અમદાવાદમાં હિટ એન્ડ રનની બે ઘટના, બેફામ વાહનોએ રનો લીધો જીવ



। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૪ ।

રાજ્યમાં હિટ એન્ડ રનની ઘટનાઓ સામે આવતી હોય છે, ત્યારે અમદાવાદના પૂર્વ ઝોન વિસ્તારમાં બે અલગ-અલગ હિટ એન્ડ રનની ઘટનામાં સર્જાઈ હતી. અકસ્માતની ઘટનામાં બાપુનગર અને રબારી કોલોની ખાતે રસ્તા પર ચાલીને જતાં બે આધેડના મોત નીપ જ્યા હતા. સમગ્ર ઘટનાને લઈને અમદાવાદ ટ્રાફિક પ ોલીસે બંને ઘટના મામલે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. અમદાવાદના બાપુનગર અને અમરાઈવાડી વિસ્તારમાં હિટ એન્ડ રનની ઘટના સર્જાઈ હતી. જેમાં નિકોલના રહેવાસી નિવૃત્ત વિક્રમસિંહ ઝાલા પોતાના નિયમિત સમયે ચાલવા માટે બહાર નીકળ્યા હતા.


### સ્થાનિક લોકો પણ ગભરાઈ ગયા

## અરવલ્લીનાં ધનસુરા નજીક ગેસ ગળતરથી લોકોના શ્વાસ અદ્ધર

### ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી પરિસ્થિતિને કાબૂમાં લેવાનો પ્રયાસ કર્યો

। પ્રતિનિધિ, અરવલ્લી,તા.૨૪ ।

અરવલ્લીમાં ધનસુરા નજીક એક કોલ્ડ સ્ટોરેજમાં મોડી રાત્રે એમોનિયા ગેસ લીકેજ (ગેસ ગળતર) થવાથી નાસભાગ મચી ગઈ હતી. જેમાં શ્રી રાધે, ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી પરિસ્થિતિને કાબૂમાં લેવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ સતત ગેસ લીકેજને કારણે નજીકના ગ્રામજનોને શ્વાસ લેવામાં તકલીફ પડી રહી છે અને લોકો તેમના ઘરની બહાર નીકળવાનું ટાળી રહ્યા છે.માહિતી મુજબ, ધનસુરા-બાયડ હાઈવે પર એક કોલ્ડ સ્ટોરેજ છે અને ત્યાં અચાનક ગેસ લીકેજ થયો છે. જેના કારણે સ્થાનિક લોકો પણ ગભરાઈ ગયા છે. શ્વાસ લેવામાં તકલીફ પ ડતા ગ્રામજનોને સારવાર માટે હોસ્પિ ટલમાં દાખલ કરવામાં આવ્યા છે, જ્યારે ફાયર વિભાગે પરિસ્થિતિને કાબૂમાં લીધી છે, પોલીસે પણ સમગ્ર ઘટનાની તપાસ શરૂ કરી છે. ફાયર વિભાગે હાલમાં ગેસ વાલ્વ બંધ કરી દીધો છે.એ યાદ રહે કે તાજેતરમાં ભરૂચના દહેજમાં ગેસ ગળતરની દુર્ઘટનામાં ચાર કામદારોના મોત નીપજતા શોકનું મોજુ ફરી વળ્યું હતું. જેમાં દહેજની જીએફએલ કંપનીમાં ગેસ ગળતર થતાં ચાર કામદારોના મોત થયાં છે. કંપનીના સીએમએસ પ્લાન્ટમાં ઘટના બની હતી. પાલનપુરના માલણ દરવાજા પાસેના વિસ્તારમાં ગેસ ગળતરના કારણે લોકોને ઉલ્ટી થવા લાગી હતી. તીવ્ર દુર્ગંધના કારણે લોકોની તબિયત લથડવા લાગી હતી અને લોકોને તાત્કાલિક ૧૦૮ મારફતે હોસ્પિ ટલમાં ખસેડવામાં આવ્યા હતા.

### ૫૫ જુગારીઓ કરોડોના મુદ્દામાલ સાથે ઝડપાયા

# સાસણ ગીરમાં રિસોર્ટમાંથી ઝડપાયું મસમોટું જુગારધામ

## પ્રવાસન સ્થળ સાસણ ગીરમાં પોલીસ દ્વારા એક મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી

| પ્રતિનિધિ, ગીરસોમનાથ, તા.૨૪ |

પ્રવાસન સ્થળ સાસણ ગીરમાં પોલીસ દ્વારા એક મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. સ્થાનિક ક્રાઈમ બ્રાન્ચ પોલીસે એક બાતમીના આધારે સાસણ ગીર નજીકના એક રિસોર્ટમાં દરોડો પાડીને જુગાર રમતા ૫૫ લોકોને ઝડપી પાડ્યા છે. આ દરોડા દરમિયાન પોલીસે ૨ કરોડ ૯૦ લાખ રૂપિયાનો મુદ્દામાલ પણ જપ્ત કર્યો છે.પોલીસ પાસેથી મળતી માહિતી અનુસાર એલસીબી પોલીસને સાસણ ગીર નજીક આવેલ ''ધ પ્રીમિયર રિસોર્ટ'' માં મોટા પાયે જુગાર રમાતો હોવાની બાતમી મળી હતી. આ બાતમીના આધારે પોલીસે રિસોર્ટ પર દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન પોલીસે જુગાર રમતા ૫૫ લોકોને રંગેહાથ ઝડપી પાડ્યા હતા. ઝડપાયેલા લોકો પાસેથી પોલીસે ૭૦ મોબાઈલ ફોન, ૧૫ કાર અને રોકડા ૨૮ લાખ રૂપિયા સહિત કુલ ૨ કરોડ ૯૦ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસે તમામ ૫૫ જુગારીઓની ધરપકડ કરી તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.અત્રે ઉલ્લેખનીય છે કે અન્ય એક માહિતી અનુસાર, આ જ રિસોર્ટમાં અગાઉ પણ એલસીબી પોલીસે દરોડો પાડ્યો હતો, જેમાં અંદાજિત ૨૫ લાખથી વધુ રોકડ અને ૧૦ કારના મુદ્દામાલ સાથે ૫૪



જુગારીઓને પકડવામાં આવ્યા હતા. આ ઘટના પણ બાતમીના આધારે જ કરવામાં આવી હતી.પોલીસની આ કાર્યવાહીથી સાસણ ગીર અને આસપાસના વિસ્તારોમાં ખળભળાટ મચી ગયો છે. પોલીસના જણાવ્યા અનુસાર આવા ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ચલાવતા લોકો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. હાલ પોલીસ દ્વારા આ સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે. પ્રવાસન સ્થળ સાસણ ગીરમાં પોલીસ દ્વારા એક મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. સ્થાનિક ક્રાઈમ બ્રાન્ચ પોલીસે એક બાતમીના આધારે સાસણ ગીર નજીકના એક રિસોર્ટમાં દરોડો પાડીને જુગાર રમતા ૫૫ લોકોને ઝડપી પાડ્યા છે. આ દરોડા દરમિયાન પોલીસે ૨ કરોડ ૯૦ લાખ રૂપિયાનો મુદ્દામાલ પણ જપ્ત કર્યો છે. પોલીસ પાસેથી મળતી માહિતી અનુસાર એલસીબી પોલીસને સાસણ ગીર નજીક આવેલ ''ધ પ્રીમિયર રિસોર્ટ'' માં મોટા પાયે જુગાર રમાતો હોવાની બાતમી મળી હતી.

## ગોંડલમાં રાજકુમાર જાટના મોત મામલે હવે ફરિયાદ નોંધાઇ

| પ્રતિનિધિ, રાજકોટ, તા.૨૪ |

રાજકોટના ગોંડલમાં રાજકુમાર જાટના મોત મામલે હવે ફરિયાદ નોંધાઈ છે. પૂર્વ ધારાસભ્યના બંગલામાં હાજર અજાણ્યા લોકો સામે એફઆઈઆર દાખલ કરવામાં આવી છે, પોલીસે આખરે મૃતકના પિતાની ફરિયાદ નોંધી છે, જ્યારે ગણેશ જાડેજાએ પણ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી, ગણેશ જાડેજાના ઘરમાં ગેરકાયદેસર પ્રવેશ માટે અરજી દાખલ કરવામાં આવી છે.ગોંડલ પોલીસ દ્વારા નવા સીસીટીવી ફૂટેજ જાહેર કરવામાં આવી રહ્યા નથી. રાજકુમાર જાટનો પીએમ રિપોર્ટ બહાર આવ્યો છે જેમાં અસહ્ય શારીરિક ત્રાસ આપવામાં આવ્યો છે કે કુદરતી મૃત્યુ થયું છે? તે અંગે કોઈ સ્પષ્ટ કારણ સામે આવ્યું નથી. મૃતક રાજકુમાર જાટના પિતાએ આરોપ મૂક્યો છે.

## અમદાવાદ એરપોર્ટ પરથી ૨.૭૬ કરોડનું સોનુ ઝડપાયું

| પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૪ |

અમદાવાદ એરપોર્ટ પરથી ૨.૭૬ કરોડનું સોનુ ઝડપાતા ચકચાર મચી ગઈ છે. જેમાં ૧ કિલોગ્રામના ૩ ગોલ્ડબાર અને ૨ સોનાની ચેઈન ઝડપાઈ છે. આ સોનું એર ઈન્ટેલિજન્સ યુનિટ દ્વારા ઝડપી લેવામાં આવ્યું હતું,તપાસમાં અબુધાબીથી આવેલા ૨ પ્રવાસીઓ પાસેથી આ સોનુ મળી આવ્યું હતું. જેમાં બન્ને આરોની ધરપકડ કરીને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. આરોપીઓ આ સોનુ કોની પાસેથી લાવ્યા અને કોને આપવાના હતા તે અંગે ઝીણવટભરી તપાસ ચાલી રહી છે. અમદાવાદ એરપોર્ટ પરથી ૨.૭૬ કરોડનું સોનુ ઝડપાતા ચકચાર મચી ગઈ છે. જેમાં ૧ કિલોગ્રામના ૩ ગોલ્ડબાર અને ૨ સોનાની ચેઈન ઝડપાઈ છે. આ સોનું એર ઈન્ટેલિજન્સ યુનિટ દ્વારા ઝડપી લેવામાં આવ્યું હતું,તપાસમાં અબુધાબીથી આવેલા ૨ પ્રવાસીઓ પાસેથી આ સોનુ મળી આવ્યું હતું. જેમાં બન્ને આરોની ધરપકડ કરીને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## અમદાવાદના રાજપુર વિસ્તારના જૈન જિનાલય ફરી એકવાર વિવાદમાં

| પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૪ |

અમદાવાદમાં રાજપુર જિનાલય ફરી એકવાર વિવાદમાં સપડાયું છે. ગોમતીપુરમાં આવેલું આ જિનાલય વિવાદમાં આવ્યું છે. જેમાં સૌમ્યરત્ન મહારાજ સાહેબ વિરુદ્ધ જૈનો આકરા પાણીએ હોવાનું જણાય છે. માતાજીની મૂર્તિ ઉઠાવવા આવેલા મહારાજ વિરુદ્ધ ભારે રોષ વ્યાપેલો છે. આ મહારાજ પદ્માવતી માતાજીની મૂર્તિ ઉઠાવવા આવ્યા હતા. જેને પગલે રાજપુર જૈન જિનાલય ખાતે મોટી સંખ્યામાં જૈનો ભેગા થયા હતા. અગાઉ પણ આ જૈન દેરાસરમાંથી મૂર્તિ કાઢતા વિવાદ થયો હતો. આમ ફરી એકવખત રાજપુર જૈન જિનાલય વિવાદમાં સપડાયું છે.અમદાવાદ હેરીટેજ સીટીમાં ઘણી એવી જગ્યા છે, જે વર્ષોથી આસ્થાનું પ્રતિક બની રહ્યા છે. જેમાનું એક ગોમતીપુર વિસ્તારમાં આવેલા રાજપુરના અતિ પ્રાચીન જૈન દેરાસર છે. આ દેરાસર સાથે અનેક જૈન-જૈનેત્તરની આસ્થા જોડાયેલી છે. એક સમયે આ દેરાસરની આસપાસ મોટી સંખ્યામાં જૈનો રહેતા હતા. આજે પણ નદી પાર સ્થળાંતર થયેલા શ્રદ્ધાળુ આ પ્રાચીન દેરાસરમાં દર્શનાર્થે આવે છે. દર રવિવારે પણ અહીં ૫૦૦થી વધુ શ્રદ્ધાળુઓની હાજરી હોય છે.હવે આ પ્રાચીન જિનાલયમાંથી ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાન તેમજ અન્ય મૂર્તિઓનું સ્થળાંતર કરીને શીલજ લઇ જવાઈ છે. જિનાલયના ઉત્થાપનની કામગીરી ઘણાં સમયથી ચાલતી હતી.

### રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં

# ગુજરાત પોલીસે વર્ષમાં અન્ય અલગ અલગ રાજ્યમાં જઈને ૩૦થી વધુ દરોડા પાડી ડ્રગ્સના જથ્થા પકડ્યા છે

| પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૨૪ |

ડ્રગ્સના પકડાયેલા જથ્થા સંદર્ભે વિધાનસભા ગૃહમાં પુછાયેલા પ્રશ્નોના જવાબ આપતા ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત પોલીસે ડ્રગ્સ સામે રીતસરની જંગ છેડીને એક પછી એક મોટા-મોટા ડ્રગ્સ કાર્ટેલ્સ પકડી પાડ્યા છે અને ગુજરાતમાં ડ્રગ્સ ઘૂસે તેની સાથે જ ડ્રગ્સ પકડી પાડવાની નેમ સાથે ખૂબ જ સક્રિયતાથી ગુજરાત પોલીસ કામ કરી રહી છે.

ગુજરાતમાં અનેક દરોડા પાડી ડ્રગ્સ પકડ્યાની સાથે સાથે ગુજરાત પોલીસે છેલ્લા વર્ષમાં અન્ય અલગ અલગ રાજ્યમાં જઈને ૩૦થી વધુ દરોડા પાડી ડ્રગ્સના જથ્થા પકડ્યા છે.મંત્રીએ ભરૂચ અને સુરત જિલ્લામાં તા.૩૧મી જાન્યુઆરી ૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પકડાયેલા ડ્રગ્સ/ નશીલા પદાર્થના પકડાયેલા જથ્થા અંગે કહ્યું કે, ભરૂચ અને સુરત જિલ્લામાં બે વર્ષમાં ગાંજો, મેફેડ્રોન, ચરસ, અફીણ, માદક પદાર્થના રો મટીરિયલ, એલ.એસ.ડી, સીરપ, પોસ ડોડા, પેન્ટાઝોસિલ સહિતના અલગ અલગ પ્રકારના ડ્રગ્સ/ નશીલા પદાર્થોનો કરોડો રૂપિયાના મુદ્દામાલનો જથ્થો પકડી પાડવામાં પોલીસ સફળ રહી છે.જેમાં ૩૯૭ આરોપીઓની ધરપકડ કરી લેવામાં આવી છે, જ્યારે પકડવામાં બાકી ૧૦૦ આરોપીઓની બાતમીદારો તથા ટેકનિકલ સપોર્ટ આધારે ધરપકડ કરવા માટે તજવીજ ચાલી રહી




છે. એટલું જ નહીં, આ આરોપીઓ પૈકી કેટલાક અન્ય રાજ્યોની જેલમાં તો કેટલાક અન્ય દેશોમાં પણ હોય છે, તેમણે પકડવા પણ જરૂરી કાર્યવાહી ચાલી રહી છે. ડ્રગ્સના પકડાયેલા જથ્થા સંદર્ભે વિધાનસભા ગૃહમાં પુછાયેલા પ્રશ્નોના જવાબ આપતા ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત પોલીસે ડ્રગ્સ સામે રીતસરની જંગ છેડીને એક પછી એક મોટા-મોટા ડ્રગ્સ કાર્ટેલ્સ પકડી પાડ્યા છે અને ગુજરાતમાં ડ્રગ્સ ઘૂસે તેની સાથે જ ડ્રગ્સ પકડી પાડવાની નેમ સાથે ખૂબ જ સક્રિયતાથી ગુજરાત પોલીસ કામ કરી રહી છે.

## અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટ પર ખાનપુર પાસે પ્રેમીપંખીડાની આત્મહત્યા

| પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૪ |

અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટ પ્રેમીપંખીડાને ફક્ત મળવાનું જ સ્થળ નથી, પણ કાયમ માટે વિખૂટા પડવાનું સ્થળ પણ છે. અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટ જાણે આત્મહત્યાનો ફ્રન્ટ બની ગયો છે. સાબરમતી રિવરફ્રન્ટ પર વધુ એક પ્રેમી પંખીડાએ આત્મહત્યા ચકચાર મચી ગઈ છે. અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ પર ખાનપુર તરફ જતા ફૂટપાથ પર એક યુવક અને એક યુવતીએ હાથમાં દુપટ્ટો બાંધીને નદીમાં કૂદીને આત્મહત્યા કરી હતી. છોકરી પાસે એક બેગ પણ મળી આવી છે. જોકે, બેગ તપાસતાં કંઈ મળ્યું નથી.ફાયર બ્રિગેડની ટીમે બંનેના મૃતદેહ બહાર કાઢ્યા છે. ૧૦૮ એમ્બ્યુલન્સના કર્મચારીઓ દ્વારા તપાસ બાદ બંનેને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. છોકરીના ડાબા હાથ પર પ્રિયાંશી નામ લખેલું છે. ઘટનાની માહિતી મળતાં રિવરફ્રન્ટ ઈસ્ટ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. આત્મહત્યા કરનાર યુવક અને યુવતીની ઓળખ થઈ નથી. છોકરીના ડાબા હાથ પર ફક્ત પ્રિયાંશી શબ્દ લખાયેલો છે અને તેના પર ટેટૂ બનાવવામાં આવ્યું છે. જેના આધારે તપાસ શરૂ કરવામાં આવી છે. વિવિધ પોલીસ સ્ટેશનમાં મોકલી દીધા છે અને તેમના માતાપિતા અને વારસદારોની શોધ શરૂ કરી દીધી છે.

## અમેરિકામાં મહેસાણાના પિતા-પુત્રીની હત્યા,હુમલાખોરની ધરપકડ કરાઇ

| પ્રતિનિધિ, મહેસાણા, તા.૨૪ |

અમેરિકામાં વધુ એક ગુજરાતીની હત્યા કરાઈ હોવાનું સામે આવ્યું છે. અમેરિકાના વર્જિનિયા રાજ્યના એકોમેક કાઉન્ટીમાં મહેસાણાના કનોડા ગામના મૂળ વતની પટેલ પરિવારના બે સભ્યોની ગોળી મારીને હત્યા કરવામાં આવી છે.મળતી માહિતી મુજબ, ૫૬ વર્ષીય પ્રદીપકુમાર રતિલાલ પટેલ અને તેમની ૨૪ વર્ષીય પુત્રી તેમની દુકાનમાં હતા ત્યારે એક અશ્વેત શખ્સે દુકાનમાં પ્રવેશ કરી બંને પર ગોળીબાર કર્યો હતો. આ ગોળીબારમાં પિતાનું ઘટનાસ્થળે જ મોત થયું હતું, જ્યારે તેમની પુત્રીનું સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું.ઘટનાની જાણ થતાં સ્થાનિક પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે હત્યા કરનાર અશ્વેત શખ્સની ધરપકડ કરી લીધી છે. હાલમાં પોલીસ હત્યાના કારણો અંગે તપાસ કરી રહી છે. સ્થાનિક પોલીસ અધિકારીઓએ માહિતી આપતા જણાવ્યું છે કે આ કેસમાં વધુ તપાસ ચાલી રહી છે અને ટૂંક સમયમાં હત્યાનું કારણ સામે આવશે. આ ઘટનાથી અમેરિકામાં વસતા ગુજરાતી સમુદાયમાં ભારે શોકની લાગણી ફેલાઈ છે.અગાઉ પણ લૂંટના ઈરાદે ત્રાટકેલા શખ્સોએ ગુજરાતી યુવકને પોઈન્ટ બ્લેકથી ગોળી ધરબી હત્યા કરી નાખી હતી.




### સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ

# રૂપિયા ૭૯,૧૭૯ કરોડનાં શહેરી વિકાસનાં કામો સંપન્ન : પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલ

**અમૃત મિશન ૧.૦ હેઠળ રૂ. ૫૧૬૫ કરોડથી વધુ અને અમૃત મિશન ૨.૦ હેઠળ રૂ. ૧૭,૭૧૭ કરોડથી વધુના કામો પણ હાથ ધરવામાં આવ્યા**

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૨૪ ।

ગુજરાતના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે વિધાનસભા ગૃહમાં માહિતી આપતા જણાવ્યું છે કે સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ અત્યાર સુધીમાં કુલ રૂ. ૭૯,૧૭૯ કરોડના શહેરી વિકાસના કામો પૂર્ણ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત અમૃત મિશન ૧.૦ હેઠળ રૂ. ૫૧૬૫ કરોડથી વધુ અને અમૃત મિશન ૨.૦ હેઠળ રૂ. ૧૭,૭૧૭ કરોડથી વધુના કામો પણ હાથ ધરવામાં આવ્યા છે.



મુખ્યમંત્રી વતી વિધાનસભામાં પૂછાયેલા પ્રશ્નનો જવાબ આપતા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, અમૃત મિશન ૧.૦ વર્ષ ૨૦૧૫ થી ૨૦૨૧ દરમિયાન અમલમાં હતું, જેના હેઠળ કુલ રૂ. ૫૧૬૫.૯૬ કરોડના કામો કરવામાં આવ્યા હતા. ત્યારબાદ, વર્ષ ૨૦૨૧ થી અમૃત મિશન ૨.૦ શરૂ કરવામાં આવ્યું છે, જે અંતર્ગત અત્યાર સુધીમાં રૂ. ૧૭,૭૧૭ કરોડના કામો પ્રગતિમાં છે અથવા પૂર્ણ થઈ ગયા છે. તેમણે ઉમેર્યું કે આ સિવાય સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ વર્ષ ૨૦૨૫-૨૬ માટેની સૂચિત જોગવાઈ સહિત અત્યાર સુધીમાં કુલ રૂ. ૭૯,૧૭૯ કરોડના શહેરી વિકાસના કામો રાજ્યમાં કરવામાં આવ્યા છે.

આ યોજનાની મહત્વતા સમજાવતા મંત્રીએ જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્યની સ્થાપનાના ૫૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે અને વધતી જતી શહેરીકરણની ગતિ અને તેના કારણે ઉભા થતા પડકારોને પહોંચી વળવા માટે તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા વર્ષ ૨૦૦૯ માં સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના શરૂ કરવામાં આવી હતી. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય રાજ્યના શહેરોનો સર્વાંગી વિકાસ કરવાનો છે.

મંત્રીએ વધુમાં માહિતી આપતા જણાવ્યું હતું કે સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ રાજકોટ જિલ્લાની ભાયાવદર, ધોરાજી અને જસદણ નગરપાલિકાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ અંતર્ગત ધોરાજી નગરપાલિકામાં ચાલી રહેલા કામોની વિગતો આપતા તેમણે જણાવ્યું હતું કે ભૂગર્ભ ગટર યોજના (ભાગ-૨) માં ૫મ્પિંગ સ્ટેશન, ડી.આઈ. અને આર.સી.સી. પાઈપલાઈન, પમ્પિંગ મશીનરી, કમ્પાઉન્ડ વોલ અને ૨ વર્ષ સુધીના સમારકામ અને નિભાવણીના કામોનો સમાવેશ થાય છે. આ કામ માટે ગુજરાત શહેરી વિકાસ કંપની દ્વારા ૨૭ જૂન, ૨૦૨૪ ના રોજ વર્કઓર્ડર આપવામાં આવ્યો છે અને અત્યાર સુધીમાં ૬૫% કામગીરી પૂર્ણ થઈ ગઈ છે.

આમ, રાજ્ય સરકારે શહેરી વિકાસને પ્રાથમિકતા આપી છે અને સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અને અમૃત મિશન જેવી યોજનાઓ દ્વારા શહેરોમાં માળખાકીય સુવિધાઓ વધારવા અને નાગરિકોના જીવનધોરણને સુધારવા માટે નોંધપાત્ર કામગીરી કરી છે. મંત્રી ઋષિકેશ પટેલે આ કામગીરીને રાજ્યના વિકાસ માટે મહત્વપૂર્ણ ગણાવી હતી. ગુજરાતના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે વિધાનસભા ગૃહમાં માહિતી આપતા જણાવ્યું છે કે સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ અત્યાર સુધીમાં કુલ રૂ. ૭૯,૧૭૯ કરોડના શહેરી વિકાસના કામો પૂર્ણ કરવામાં આવ્યા છે.

### બાબતની તાત્કાલિક પોલીસને જાણ કરવામાં આવી હતી

# અમદાવાદ શહેરમાં બુલેટ ટ્રેનની કામગીરી દુર્ઘટના મામલે કેટલીક ટ્રેનો ડાયવર્ટ કરાઈ

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૨૪ ।

બુલેટ ટ્રેનની કામગીરી દરમિયાન અમદાવાદના વટવા હાથીજણ વિસ્તારમાં રોપર બ્રિજ પાસે અચાનક એક મોટી ક્રેન તૂટી જતાં આ ઘટનામાં ૨ લોકો ઘાયલ થયા હતા. ત્યારે ૫શ્ચિમ રેલ્વેએ કેટલીક ટ્રેન ડાયવર્ટ કરાઈ છે.અમદાવાદમાં બુલેટ ટ્રેનના થાંભલા પર મૂકેલી ક્રેન કોઈ કારણોસર અચાનક પડી જતાં અકસ્માત સર્જાયો હતો. આ બાબતની તાત્કાલિક પોલીસને જાણ કરવામાં આવી હતી અને પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. આ બાબતની જાણ નેશનલ હાઈ સ્પીડ રેલ્વે ઓથોરિટીના અધિકારીઓને પણ કરવામાં આવી હતી અને તેઓ પણ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. આ અકસ્માતમાં ટ્રેનનો ઓવરહેડ વાયર તૂટી ગયો હતો, જેના કારણે મુંબઈ અને અમદાવાદ વચ્ચેનો રેલ વ્યવહાર ખોરવાઈ ગયો હતો.હાલમાં નેશનલ હાઈ સ્પીડ કોર્પોરેશન લિમિટેડ (બુલેટ પ્રોજેક્ટ) એ વધુ ત્રણ ક્રેન મોકલીને ૫ુનઃસ્થાપન કાર્ય શરૂ કર્યું છે. રેલ્વે વિભાગ પણ ઓવરહેડ લાઈનનું સમારકામ અને ટૂંક સમયમાં રેલ ટ્રાફિક પુનઃસ્થાપિત કરવામાં વ્યસ્ત છે. વડોદરાથી અમદાવાદ જતી સયાજીનગરી અને એકતાનગર-અમદાવાદ સહિત ૧૦ ટ્રેનોને રાત્રે વિવિધ સ્ટેશનો પર રોકવામાં આવી હતી. હાલમાં અપલાઈન ચાલુ રાખવામાં આવી છે અને ડાઉનલાઈન બંધ કરવામાં આવી છે.

## કચ્છમાં હિટ એન્ડ રનની ઘટનામાં બે મિત્રોના મોત, પરિવારમાં શોકનો માહોલ

। પ્રતિનિધિ, ભુજ, તા.૨૪ ।

રાજ્યમાં અકસ્માતની ઘટનાઓ દિવસેને દિવસે વધતી જઈ રહી છે. ત્યારે તાજેતરમાં કચ્છમાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માત અંજારના સાપેડા નજીક સર્જાયો હતો. જેમાં હિટ એન્ડ રનની ઘટનામાં ૨ યુવાનોના મોત નિપજ્યા હતા.મળતી માહિતી મુજબ બાઈક પર જતા બે યુવાનોને અજાણ્યા વાહને ટક્કર મારી હતી. જેના કારણે યુવકોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ત્યારે અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત યુવાનોને સારવાર મળે તે પહેલા બંનેનું મૃત્યુ નિપજ્યું હતું. અકસ્માત બાદ બંને યુવાનના મૃતદેહને ૫ોસ્ટમોર્ટમ માટે અંજાર હોસ્પિટલ લઈ જવાયા હતા.રાજ્યમાં અકસ્માતની ઘટનાઓ દિવસેને દિવસે વધતી જઈ રહી છે. ત્યારે તાજેતરમાં કચ્છમાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માત અંજારના સાપેડા નજીક સર્જાયો હતો. જેમાં હિટ એન્ડ રનની ઘટનામાં ૨ યુવાનોના મોત નિપજ્યા હતા.મળતી માહિતી મુજબ બાઈક પર જતા બે યુવાનોને અજાણ્યા વાહને ટક્કર મારી હતી.

## દ્વારકામાં સગીર હત્યા કેસમાં ઘટસ્ફોટ, નાણા માટે મિત્રએ જ મિત્રની હત્યા કર્યાનો ખુલાસો

। પ્રતિનિધિ, દ્વારકા, તા.૨૪ ।

જામખંભાળિયામાં મિત્ર દ્વારા જ પોતાના મિત્રની હત્યા કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. ધોરણ આઠ સુધીનો અભ્યાસ કરનાર ૧૫ વર્ષીય કેતન વાઘેલાની હત્યા તેના જ મિત્ર હર્ષ નાઘેરા દ્વારા કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. હર્ષ નાઘેરા દ્વારા કેતન વાઘેલાના ગળામાં પહેરેલ સોનાની ચેનની લૂંટ કરવાના ઈરાદે ગળાના ભાગે તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યા કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. તેમજ લાશને ગટરના સંપમાં નાખી દઈ પુરાવાનો નાશ કર્યો હોવાનું પણ સામે આવ્યું છે.જામખંભાળિયા પોલીસ સ્ટેશન ખાતે મૃતકના પિતા અનિલ વાઘેલા દ્વારા હર્ષ નાઘેરા નામના વ્યક્તિ વિરુદ્ધ બીએનએસ ની કલમ ૧૦૩ (૧), ૧૦૯(૬), ૨૩૮ સહિતની કલમ હેઠળ ૨૦ માર્ચ ૨૦૨૫ના રોજ ગુનો નોંધાવવામાં આવ્યો છે. પોલીસને આપેલી ફરિયાદમાં અનિલ વાઘેલાએ જણાવ્યું છે કે, ૧૬ તારીખના રોજ દીકરો કેતન પોતાના મિત્ર હર્ષને મળવા જવું છે તેમ કહી મોટરસાયકલ લઈને ઘરેથી નીકળી ગયો હતો. રાત્રિના બે વાગ્યા સુધી પરત ન ફરતા તેને ફોન કરીને કહેતા તેણે કહ્યું હતું કે હું હમણાં ઘરે આવું છું. પરંતુ ત્યારબાદ પણ તે ઘરે પરત ન ફરતા તેને ફરી પાછો ફોન કરતા તેનો ફોન બંધ આવતો હતો. ત્યારબાદ તેના મિત્ર હર્ષના ઘરે રાત્રિના ત્રણ વાગ્યા આસપાસ તપાસ કરવામાં આવતા હર્ષે કહ્યું હતું કે, રાત્રિના ૧૨:૩૦ વાગ્યા સુધી કેતન મારા ઘરે હતો. પરંતુ બાદમાં મોટરસાયકલ પર તેના બે મિત્રો આવ્યા હતા અને કેતનને મને કહ્યું હતું કે હું અમને ચા-પાણી પીવડાવવા જાઉં છું તેમ કહી મારા ઘરેથી જતો રહ્યો હતો. કેતનના પિતા દ્વારા હર્ષના ઘરે તપાસ કરતા કેતનના ચંપલ ત્યાં પડેલા હોવાનું સામે આવ્યું હતું. તેમજ હર્ષના ઘરની પાસે જ કેતન જે મોટરસાયકલ લઈને ઘરેથી નીકળ્યો હતો તે મોટરસાયકલ પણ મળી આવ્યું હતું.






## તંત્રી લેખ...

# દરેક ક્ષેત્રે સારી તકો

આધુનિક ભાગદોડની લાઈફમાં દરેક સેક્ટરમાં અનેક સારી સંભાવના રહેલી છે. બદલાઈ રહેલા બિઝનેસના માહોલમાં પુરતા લાભ લેવા માટે કર્મચારીને હમેંશા સાવધાન રહેવાની જરૂર હોય છે. કોઈ પણ કર્મચારીને હાલમાં સમયની સાથે અને બિઝનેસના બદલાઈ રહેલા સમયની સાથે આગળ વધવાની જરૂર હોય છે. ભવિષ્યમાં કંપની અને કર્મચારી બન્નેની સફળતા આ બાબતની સાથે નક્કી થશે કે નવા વર્ક પ્લેસની જરૂરિયાતને તમે કઈ રીતે પૂર્ણ કરી રહ્યા છો. તાજેતરના સમયમાં જુદા જુદા સેક્ટરમાં ફેરફાર થઈ રહ્યા છે. કર્મચારીઓને આના માટે તૈયારી કરી લેવી જોઈએ. બૈકિંગ અને ફાયનાન્સિયલ સેક્ટરમાં કામ કરી રહેલા કર્મચારીઓ માટે સૌથી જરૂરી બાબત એ છેકે તેઓ ઝડપથી બદલાઈ રહેલા ડિજિટલ ટેકનોલોજી ઈકો સિસ્ટમમાં પોતાની પ્રોફેશનલ નોલેજને સારી રીતે વધારે. સાથે સાથે સ્કિલ પર ધ્યાન કેન્દ્રિત કરે. કસ્ટમર એક્સપિરિયન્સ ટ્રાન્સફોર્મેશન માટે મલ્ટીપલ સિસ્ટમની સાથે કોલાબરેશન કરવાની ક્ષમતા વિકસિત કરવાની જરૂર છે. વર્ચુઅલ રિયાલિટી, મસીન લર્નિંગ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ , સાયબર સિક્યોરિટી , બિગ ડેટા, એડવાન્સ્ડ એનાલિટિક્સ, ડિજિટલ માર્કેટિંગ, ઈન્ટરનેટ ઓફ થિગ્સ, રોબોટિક્સ, પ્રોસેસ ઓટોમેશનજેવા ક્ષેત્રમાં સ્કિલને વધારી દેવાનો સમય આવી ગયો છે. એફએફસીજી અને રિટેલ ક્ષેત્રમાં પણ માહોલ બદલાઈ રહ્યો છે. બિઝનેસનો માહોલ હમેંશા બદલાતો રહે છે. આવી સ્થિતીમાં એક કુશવ કર્મચારીને હમેંશા નવી નવી સ્કીલમાં વધારેને વધારે ધ્યાન આપવાની જરૂર હોય છે. આ સેક્ટરના તમામ કર્મચારીઓને પોતે પોતાના મુલ્યાંકન પર ધ્યાન આપવુ જોઈએ. પોતાની તાકાત અને અપેક્ષા વચ્ચે તાલમેલ બેસાડી દેવા માટેના પ્રયાસો કરવા જોઈએ. ગ્રાહકો સાથે મજબુત પર્સનલ સંબંધ સ્થાપિત કરવાની આ ક્ષેત્રમાં જરૂર હોય છે. રિટેલ અને એફએમસીજીના સેક્ટરમાં ઈનોવેશન પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે તે પણ જરૂરી છે. ફંક્શનલ અને લીડરશિપ ક્વાલિટી વિકસિત કરવાની જરૂર હોય છે. કર્મચારીને હમેંશા કોર સ્કિલ્સ પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર હોય છે. પોતાની કુશળતા કેટલી છે તે બાબત અંગે નિર્ણય લઈને પોતાના લક્ષ્ય નક્કી કરવા જોઈએ. ફાર્મા સેક્ટરની વાત કરવામાં આવે તો તેની સામે નવા પડકારો આવી રહ્યા છે. વર્તમાન નિયામક પડકારોના દોરમાં ફાર્મા ઈન્ડસ્ટ્રીઝ રિ ઈન્વેશનના દોરમાંથી પસાર થાય છે. યુએસએફડીએ દ્વારા નિરીક્ષણની સંખ્યા વધારી દેવામાં આવ્યા બાદ મેન્યુફેકચરિંગ કામગીરી પર ધ્યાન આપવાની જરૂરિયાત દેખાઈ રહી છે. આના માટે કેટલાક ઉદેશ્ય નક્કી કરીને આગળ વધવામાં આવે તે જરૂરી છે. આ ક્ષેત્રમાં સફળતા હાંસલ કરવા માટે લેટેસ્ટ મેનેજમેન્ટ ટુલ્સ અને ડેટા એનાલિટિક્સ પર ધ્યાન આપવાની હવે જરૂર છે. રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ પર ખાસ ધ્યાન આપવાની જરૂરિયાત દેખાઈ રહી છે. પ્રોજેક્ટ મેનેજમેન્ટને સમજીને સ્કિલ્સની દિશામાં આગળ વધવાની જરૂરિયાત દેખાઈ રહી છે. નવી નવી ટેકનોલોજીને વહેલી તકે સ્વીકાર કરવાની ટેવ વિકસિત કરવાની જરૂર છે.

# બ્રેક ફાસ્ટને ટેવ બનાવવાની જરૂર

આધુનિક ભાગદોડની લાઈફમાં દરેક વ્યક્તિ ફિટ અને એનર્જેટિક રહેવા માટે ઈચ્છુક હોય છે પરંતુ તે જરૂરી સમય કાઢી શકતો નથી. ટેક્સાસમાં હાલમાં કરવામાં આવેલા નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે શરીરમાં બે ટકા પાણીની કમી થવાની સ્થિતીમાં પણ એનર્જી લેવલ ખુબ ઓછુ થઈ જાય છે. ડિહાઈડ્રેશનના કારણે બ્લડવોલ્યુમ ઘટી જાય છે. જેના કારણે લોહી ગાઢ બની જાય છે. જેના કારણે હાર્ટ ઓછા અસરકારક રીતે કામ કરે છે. આનાકારણે ઓક્સીજન અને પૌષક તત્વો ઓછી ગતિથી આપની મસલ્સ અને ઓર્ગન્સ સુધી પહોંચે છે. આના માટે રહી રહીને પાણી પીતા રહેવાની જરૂર હોય છે. નિષ્ણાંત લોકો કહે છે કે સવારે ઉઠી ગયા બાદ વધારે સમય સુધી ભુખ્યા રહેવાની બાબત યોગ્ય નથી. બ્રેકફાસ્ટ કરવાથી આપના મેટાબોલિજમ યોગ્ય રહે છે. જો તમે બ્રેક ફાસ્ટમાં પૌષ્ટિક ભોજન લઈ રહ્યા છો તો દિવસ દરમિયાન ઉર્જા રહે છે. સવારના સમયમાં ભુખ્યા રહેવાની સ્થિતીમાં દિવસ દરમિયાન માથુ ચકરાવે છે. આના કારણે ખુબ થાક લાગે છે. જેથી સવારના સમયમાં નાસ્તાને પ્રાથમિકતા આપવામાં આવે તે જરૂરી છે.જંક ફુડથી દુરી રાખવામાં આવે તે પણ જરૂરી છે. જંક ફુડ ખાવાથી શરીરને કોઈ ઉર્જા મળતી નથી. આ માત્ર સ્વાદમાં ગમી શકે છે. જંક ફુડથી બ્લડ શુગર વધી જાય છે. જેના કારણે આપને વધારે થાક લાગે છે. આપને ભોજનમાં પ્રોટીનયુક્ત ચીજોનો ઉપયોગ કરવાની સલાહ મોટા ભાગના નિષ્ણાંત લોકો આપે છે. ૨૪ કલાક ફિટ અને એનર્જેટિક રહેવા માટે કેટલીક ખરાબ ટેવ છોડી દેવાની જરૂર છે. ખોટી ટેવ છોડી દેવાના કારણે ફિટ રહેવામાં મદદ મળશે.ફિટ અને હેલ્થી રહેવા માટે નિયમિત કસરત જરૂરી બની ગઈ હોવાનું તારણ નવા અભ્યાસમાં બહાર આવ્યું છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે કસરતથી શરીરમાં બ્લડ સરક્યુલેશનમાં ઉલ્લેખનીય વધારો થાય છે. સાથે સાથે આનાથી કુશળતા પણ વધી જાય છે. નોકરીની જગ્યાએ લાંબા સમય સુધી કોમ્પ્યુટરની સામે બેસી રહેવાથી ઘણી તકલીફ ઉભી થઈ શકે છે આવી સ્થિતિમાં નિયમિતપણે કસરત ખૂબ જ જરૂરી છે. નિયમિતપણે કસરત નહીં કરવાથી શરીરમાં બ્લડ સરક્યુલેશનની ગતિ ધીમી પડી જાય છે. યાદશક્તિ અને ધ્યાનશક્તિને વધારવા નિયમિત કસરત જરૂરી બની ગઈ છે. આનાથી શરીરમાં ટોકસીન ફોર્મેશનની ગતિ ધીમી પડે છે. કસરતના સંબંધમાં વારંવાર તારણો સપાટી પર આવી ચૂક્યા છે. નિષ્ણાંતોનું કહેવું છે કે શરીરને ફિટ અને હેલ્થી રાખવા માટે વોકિંગ, સ્વીમીંગ, એરોબીક્સ, સાઈકલીંગ અને બેલી ડાન્સીંગ હવે ઉપયોગી બન્યા છે. વોકિંગને સર્વશ્રેષ્ઠ કસરત તરીકે ગણવામાં આવે છે. દરરોજ જીમમાં જવા માટે આધુનિક સમયમાં સમય નથી. આવી સ્થિતિમાં વોકિંગ કરવાથી ફાયદો થાય છે. દરરોજ ઓછામાં ઓછા ૩૦ મિનિટ સુધી વોકીંગમાં સમય ગાળવામાં આવે તે જરૂરી છે. ભોજન લીધા બાદ ઓછામાં ઓછા પાંચ મિનિટ સુધી ઓફિસના પ્રાંગણમાં વોકિંગ કરવાથી ફાયદો થાય છે. જીમમાં કસરત કરવાથી ડર લાગે છે તો આવી સ્થિતિમાં સ્વીમીંગ પણ વિકલ્પ તરીકે છે.



આજકાલ

લેખક : દીપક જગતાપ

## કેન્સર ચેક કરવાના વિવિધ ઉપકરણો અને નિદાન

**ફોટા કે એક્સ- રે ને લગતી પ્રકિયાઓ માટે શરીરના અંદરના ભાગનો ફોટો લેવામાં આવે છે જેનાથી ડોક્ટરને એ જોવામાં સરળતા રહે છે કે વ્યકિતના શરીરમાં ગાંઠ છે કે નહીં**

# એક્સ-રે:સીટી સ્કેન : રેડિયોન્યૂક્લાઇડ સ્કેન : અલ્ટ્રાસાઉન્ડ, એમ.આર.આઇ, પેટસ્કેન, બાયોપ્સીશું છે?


**આવા દ્રવ્યોને મોટેભાગે ગાંઠનું નિર્માણ કહેનારા કહેવામાં આવે છે. તેમ છતાં લેબોરેટરી તપાસમાં આવતાં એબનોર્મલના પરિણામો એ કેન્સર હોવાની ચોક્કસ નિશાનીરૂપ હોતાં નથી**

(ભાગ : ૩)

કેન્સર ની જાણકારી માટે સ્કીનીંગ ટેસ્ટ અથવા લેબોરેટરી તપાસકરવી જોઈએ. જેમકે લોહી,પેશાબ અને અન્ય ફલુંઈડની તપાસથી ડોકટરને તેનું નિદાન કરવું સહેલું થઈ જાય છે. આ તપાસથી ખબર પડે છે કે જે તે અંગ કેટલી સારી રીતે કામ કરે છે? વળી, અમુક દ્રવ્યનું વધારે પડતું પ્રમાણ એ કેન્સરની નિશાની છે. આવા દ્રવ્યોને મોટેભાગે ગાંઠનું નિર્માણ કહેનારા કહેવામાં આવે છે. તેમ છતાં લેબોરેટરી તપાસમાં આવતાં એબનોર્મલના પરિણામો એ કેન્સર હોવાની ચોકકસ નિશાનીરૂપ હોતાં નથી. કેન્સરનું નિદાન કરતી વખતે ડોકટર માત્ર લેબોરેટરી તપાસના પરિણામોને જ ધ્યાનમાં નથી રાખતાં. ફોટા કે એક્સ- રે ને લગતી પ્રકિયાઓ માટે શરીરના અંદરના ભાગનો ફોટો લેવામાં આવે છે. જેનાથી ડોક્ટરને એ જોવામાં સરળતા રહે છે કે વ્યકિતના શરીરમાં ગાંઠ છે કે નહીં. આવા ફોટાઓ નીકાળવાની ઘણી રીતો છે:

**એક્સ-રે:** શરીરમાંના અંગો અને હાડકાંને જોવાની એક્સ- રે એ અતિ સામાન્ય પધ્ધતિ છે.

**સીટી સ્કેન:** આ એક્સ-રે મશીન કોમ્પ્યુટર સાથે જોડાયેલું હોય છે. જે શરીરના અંદરના ભાગોના ક્રમવાર ઘણા બધાં વિગતવાર ફોટાઓ ડાઈ જેવા મટિરિયલ પર આપે છે જેનાથી આ ફોટાઓને જોવામાં અને



સમજવામાં સરળતા રહે છે.

**રેડિયોન્યૂકલાઇડ સ્કેન**

આ પ્રકારનો સ્કેન વ્યકિતને થોડા રેડિયોએકિટવ મટિરિયલનું ઈંજેકશન આપીને કરી શકાય છે. આ લોહીના પ્રવાહ સાથે વહે છે અને કેટલાંક હાડકાં અને અંગોમાં સંઘરાય છે.સ્કેનર નામનું મશીન રેડિયોએકિટવીટીની તપાસ કરે છે અને તેને માપે છે. સ્કેનર શરીરની અંદરના હાડકાં અને અંગોના ચિત્ર કોમ્પ્યુટરના પડદા કે ફિલ્મ પર સર્જે છે. શરીરને આવા રેડિયોએકિટવ પ દાર્થથી તરત જ મુકિત મળે છે.

**અલ્ટ્રાસાઉન્ડ:** અલ્ટ્રાસાઉન્ડ સાધન અવાજના તરંગો બહાર મોકલે છે જે લોકો સાંભળી શકતાં નથી.આ તરંગો તમારા શરીરમાંના ટીસ્યુઓ પર પડઘાની જેમ અથડાય છે. કોમ્પ્યુટર આ તરંગોનો ઉપ યોગ સોનોગ્રામ કહેવાતા ચિત્ર બનાવવા માટે કરે છે.

**એમ.આર.આઇ:** કોમ્પ્યુટર સાથે જોડાયેલા મજબૂત મેગ્નેટ- લોહચુંબકનો ઉપયોગ શરીરના ભાગોના વિગતવાર ચિત્ર બનાવવા માટે કરે છે. ડોકટર આવા ચિત્રને કોમ્પ્યુટરના મોનીટર પર જુએ છે અને ફિલ્મ પર તેની પ્રિન્ટ લે છે.

**પેટસ્કેન:** થોડા રેડિયોએકિટવ મટિરિયલ્સનું ઈંજેકશન આપ્યા પછી મશીન શરીરમાં થતી કેમિકલ્સની હિલચાલ બતાવતાં ચિત્ર બનાવે છે. જે સક્રિય હિલચાલવાળા શરીરના ભાગોમાં કેન્સરના કોષો દેખાડે છે.

મોટાભાગના કેસોમાં ડોકટરને કેન્સરના નિદાન માટે બાયોપ્સી કરવાની જરૂર પડે છે. આવી બાયોપ્સી કરવા માટે ઓળખાયેલી ગાંઠના ટીસ્યૂના નમૂનો લઈ લેબોરેટરીમાં તેની તપાસ માટે મોલવામાં આવે છે. પેથોલોજીસ્ટ તે ટીસ્યૂને માઈક્રોસ્કોપની નીચે મૂકીને જુએ છે.

**બાયોપ્સી:** ગાંઠના ટીસ્યૂનો નમનો શરીરમાંથી કાઢવાની કેટલીક નીચે બતાવ્યા મુજબની રીતો છે:

**સોયથી:** ડોકટર સોયની મદદથી ટીસ્યૂ કે ફલ્યુઈડ ખંચી કાઢે છે.

એન્ડોસ્કોપની મદદથી: શરીરમાંના ભાગોને જોવા માટે ડોકટર એક પાતળી, લાઈટવાળી ટયૂબનો એન્ડોસ્કોપનો ઉપયોગ કરે છે.

**સર્જરીથી:** સર્જરી એકસસાઈઝન કે ઈનસીઝન હોઈ શકે.

એકસસાઈઝન બાયોપ્સીમાં સર્જન ડોકટર આખી ગાંઠને ઓપરેશન કરી કાઢી નાખે છે.કેટલીકવાર ગાંઠની આજુબાજુના સામાન્ય ટીસ્યૂને પણ કાઢી નાખે છે.

ઈનસીઝન બાયોપ્સીમાં સર્જન ડોકટર માત્ર ગાંઠનો અમુક ભાગ જ કાઢી નાખે છે.જો તેના લક્ષણો કે સ્કીન ટેસ્ટોમાં કેન્સર હોવાનું સૂચવવામાં આવ્યું હોય તો ડોકટરે એ શોધી નાખવું પડે કે તે કેન્સરના કારણે અથવા અન્ય કોઈ કારણોસર થયું છે?

(ક્રમશઃ)



## ભાવિ કેરિયર માટેનો માર્ગ ઇન્ટર્નશીપથી વધુ સરળ બની જાય છે...

**આજકાળના સમમાં દરેક કોલેજમાં વર્ષના છેલ્લા સેમિસ્ટરમાં ઇન્ટર્નશીપ કરવા માટે કેમ કહેવામાં આવે છે આના કારણે અમારી લાઇફ અને અમારી કેરિયર પર કેવી અસર થાય છે તે બાબતના પ્રશ્નોના જવાબ તમામ લોકો અને ખાસ કરીને યુવાનોને સમજી લેવાની જરૂર છે**

# ઇન્ટર્નશીપ : ખુબ મોટો ફાયદો

**આધુનિક સમયમાં દરેક કોલેજમાં વર્ષના છેલ્લા સેમિસ્ટરમાં ઇન્ટર્નશીપ કરવા માટે કેમ કહેવામાં આવે છે જે જાણવુ ખુબ જરૂરી છે**

આધુનિક સમયમાં ઈન્ટર્નશીપ ભાવિ કેરિયરને સરળ બનાવવામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરે છે. કેટલાક વિદ્યાર્થીઓ તો ઈન્ટર્નશીપનો સમય બચાવી લેવાના ચક્કરમાં કોલેજમાં ખોટા ઈન્ટર્નશીપ સર્ટિફિકેટ્ જમા કરી દે છે. આના કારણે આ વિદ્યાર્થીઓ માત્ર પોતાની સાથે જ વિશ્વાસઘાત કરતા નથી બલ્કે પોતાની કેરિયરને પણ નુકસાન કરે છે. આવા લોકો અને વિદ્યાર્થીઓને મોડેથી ઈન્ટર્નશીપનુ મહત્વ સમજાય છે. કેરિયર લાઈફમાં મોડેથી જ્યારે આ વાત સમજાય છે ત્યારે નુકસાન ખુબ મોટુ થઈ જાય છે. ઈન્ટર્નશીપ શુ છે અને કેમ કરવામાં આવે છે. આજકાળના સમમાં દરેક કોલેજમાં વર્ષના છેલ્લા સેમિસ્ટરમાં ઈન્ટર્નશીપ કરવા માટે કેમ કહેવામાં આવે છે આના કારણે અમારી લાઈફ અને અમારી કેરિયર પર કેવી અસર થાય છે તે બાબતના પ્રશ્નોના જવાબ તમામ લોકો અને ખાસ કરીને યુવાનોને સમજી લેવાની જરૂર છે. ઈન્ટર્નશીપ મારફતે વિદ્યાર્થીઓને પોતાની નબળાઈ અને કુશળતાને સારી રીતે અન્યોની વચ્ચે સમજી લેવામાં મદદ મળે છે. અસલ દુનિયાનો અનુભવ થાય છે. ઈન્ટર્નશીપ કરવાની બાબત કેરિયરને વ્યવસ્થિત બનાવવાની દિશામાં પ્રથમ મહત્વપૂર્ણ પગલુ હોઈ શકે છે. કારણ કે તે વ્યક્તિને પ્રોફેશનલ લાઈફની એક ઝલક બતાવે છે. યુવાનોને ઈન્ટર્નશીપ



કરવા માટે કંપનીની પંસદગી કરતી વેળા ખુબ સાવધાની રાખવી જોઈએ. યોગ્ય કંપનીમાં ઈન્ટર્નશીપ કરવાથી લાભ મળે છે. યોગ્ય કંપનીમાં ઈન્ટર્નશીપ કરવાથી આપને ભવિષ્યમાં કેરિયરની પસંદગી કરતી વેળા લાભ મળે છે. જો તમે યોગ્ય કંપનીમાં સામેલ થઈ જાઓ છો તો આ બાબતની સંભાવના વધી જાય છે કે આપને સારી નોકરી મળી શકે છે. જો કોઈ વ્યક્તિ ઈન્ટર્નશીપના ગાળામાં સૌથી વધારે શિખવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે તો તેના કારણે ખુબ મોટો ફાયદો મળી જાય છે. સામાન્ય રીતે આમારા લોકો પૈકી મોટા ભાગના લોકો એવા ક્ષેત્રમાં જાય છે જે અમારા સપના હોવાના બદલે અમારા માતા પિતા અને પરિવારના અન્ય સભ્યોના સપના હોય છે. જો કે સારી બાબત અને આદર્શ બાબત એ છે કે કોઈ પણ ક્ષેત્રમાં આગળ વધતી વેળા કેરિયરને લઈને પોતે નિર્ણય કરવા જોઈએ. લોકો જે સલાહ આપે છે તે લેવામાં કોઈ વાંધો નથી પરંતુ એ વખતે પણ પોતાના મનની વાતને જ સમજી લેવામાં આવે તે જરૂરી છે. ઈન્ટર્નશીપ કરતી વેળા વિદ્યાર્થીને તક મળે છે કે વાસ્તવમાં બજારની દુનિયા શુ છે. અને શુ તે જગ્યા તેના ભવિષ્ય માટે યોગ્ય છે. ઈન્ટર્ન તરીકે કંપનીને જોઈન કરવાથી પ્રોફેશનલ માહોલમાં કામ કરવાની તક મળે છે. ઈન્ટર્ન તરીકે આપને માત્ર હાથમાં કોફી કપ લઈને જેમ તેમ ફરવાની તક મળતી નથી. બલ્કે આપને જીવનની વાસ્તવિક સ્થિતીની સામે આવવાની તક મળે છે. કેટલાક ઈન્ટર્નશીપના અવસર આપના કેરિયરને આધાર આપે છે. આપ પોતાના રસ અને મજા આવે તેવી કેરિયર સંભાવના મુજબ ઈન્ટર્નશીપની પસંદગી કરે તે જરૂરી છે. ઈન્ટર્નશીપથી આ અંદાજ લગાવવાની યોગ્યતા આવી જાય છે કે આ કામ એવુ છે જેમાં તે લાઈફમાં રહી શકે છે. જાણકાર લોકોનુ કહેવુ છે કે ઈન્ટર્નશીપ કેટલાક રીતે ઉપયોગી બને છે. ઈન્ટર્નશીપ મારફતે આપને કોઈ કંપનીમાં પગ મુકવાની જગ્યા મળે છે. એક બાબતને હમેંશા ધ્યાનમાં રાખવી જોઈએ કે કોઈ પણ કંપની ઈન્ટર્નશીપને રિક્રુટમેન્ટ ટુલ તરીકે ઉપયોગ કરે છે.

પ્રોફેશનલ દુનિયામાં આ શિખવા માટેની જરૂર છે કે પોતાને કઈ રીતે રજૂ કરવામાં આવનાર છે. કોઈ પણ કંપની પોતાની સાથે એવા લોકોને જોડવાનુ પસંદ કરે છે જે સારી રીતે કામ કરવાનુ જાણે છે. ઈન્ટર્નશીપમાં ઈવેન્ટમાં હાજરી આપવાની તક તો મળે છે સાથે સાથે પ્રોફેશનલ લોકોને મળીને નવા કનેક્શન પણ બને છે. નેટવર્કિંગથી કેટલાક રેફરન્સ મળતા રહે છે. જે આવનાર પ્રોફેશનલ લાઈફમાં મદદરૂપ સાબિત થાય છે. જાણકાર લોકો એમ પણ કહે છે કે રેજ્યુમમાં ઈન્ટર્નશીપનો ઉલ્લેખ કરવાથી પણ ફાયદો થાય છે. અમારામાંથી મોટા ભાગના લોકો આ બાબતને પહેલાથી જ જાણે છે કે પરફોર્મન્સ જ પ્રોડક્ટ હોય છે. પહેલા કંપનીઓ આપના રિજ્યુમમાં જુએ છે કે આપની પાસે અનુભવ શુ છે. તમે પહેલા કોઈ કંપની સાથે જોડાયેલા હતા કે કેમ. જો તમે કોઈ કંપની સાથે જોડાયેલા રહી ચુક્યા છો તો ઈન્ટર્નશીપ પ્રોગ્રામ વધારે ફાયદાકારક સાબિત થઈ શકે છે.

# ભારત દેશમાં પરિવાર નિયોજન માટે કોઇને ફરજ પાડી શકાય નહીં તેવી કેન્દ્રની રજૂઆત પાછળ અનેક બાબતો છુપાયેલી રહેલી છે

દેશમાં વસ્તી વિસ્ફોટને કાબુમાં લેવા માટે કોઈ કાનુન બનાવવાને લઈને સમય સમય પર માંગ ઉઠતી રહી છે. આ સંબંધમાં કેન્દ્ર સરકાર તરફથી સુપ્રીમ કોર્ટમાં કેટલીક ઉપયોગી બાબત રજૂ કરવામાં આવની ચુકી છે. જેમાં સાફ શબ્દોમાં કહેવામાં આવ્યુ છે કે વસ્તી વિસ્ફોટના કારણે વિકાસના લાભ તમામ લોકો સુધી સરળ રીતે પહોંચતા નથી. જેના અનેક અર્થ રહેલા છે. કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં કહ્યુ હતુ કે તે પરિવાર નિયોજન માટે કોઈના પણ દબાણ લાવી શકેનહીં. કેન્દ્ર સરકારે કહ્યુહતુ કે ભારતમાં કોને કેટલાક બાળકો પૈદા કરવા છે તે બાબત પતિ અને પત્નિ પોતે નક્કી કરી શકે છે. આ મામલે સરકારને કોઈ ફરજ પાડવી જોઈએ નહીં. દંપત્તિ કેટલા બાળકોને જન્મ આપે તે બાબત સરકાર નક્કી કરી શકે નહીં. કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં માહિતી આપતા કહ્યુ હતુ કે ભારત દેશના લોકો પર બળજબરીપૂર્વક પરિવાર નિયોજન લાગુ કરી શકાય નહીં. સરકારે એમ પણ કહ્યુ હતુ કે તે આ બાબતનો જોરદાર રીતે વિરોધ કરે છે. ચોક્કસ સમયમાં બાળકોને જન્મ આપવા માટેની બાબત ફરજિયાત કરવાની બાબત હાનિકારક સાબિત થઈ શકે છે. સાથે સાથે અનેક પ્રકારના વિકારને પણ આવી બાબતો જન્મ આપશે.

બાળકોને જન્મ આપવાનો અધિકાર માતાપિતાને રહેલો છે. આરોગ્ય મંત્રાલય દ્વારા સુપ્રીમ કોર્ટમાં રજૂ કરવામાં આવેલી એફિડેવિટમાં કહ્યુ હતુ કે દેશમાં પરિવાર નિયોજન કાર્યક્રમ સ્વૈચ્છિક છે. જેમાં પોતાના પરિવારના કદ અંગે નિર્ણય દંપત્તિ પોતે કરે છે. સાથે સાથે પોતાની ઈચ્છા મુજબ પરિવાર નિયોજનના તરીકાને અજમાવી શકે છે. આનાથી સાફ થઈ જાય છે



કે બાળકોને જન્મ આપવાને લઈને કોઈ પણ પ્રકારની કોઈ ફરજિયાત બાબત રહેલી નથી. કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં એમ પણ કહ્યુ છે કે ચોક્કસ સંખ્યામાં બાળકોને જન્મ આપવાની બાબત ફરજિયાત કરવાની રીત નુકસાનકારક સાબિત થઈ શકે છે. ભારતીય જનતા પાર્ટીના નેતા અને અધિવક્તા અશ્વિની કુમાર દ્વારા સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી દરમિયાન કેન્દ્ર સરકાર તરફથી આ બાબત કરવામાં આવી હતી. અરજીમાં દિલ્હી હાઈકોર્ટના એવા આદેશને પડકાર ફેંકવામાં આવ્યો હતો જેમાં કોર્ટે દેશની વધતી જતી વસ્તી પર અંકુશ મુકવા માટે બે બાળકોના નિયમ સહિત કેટલાક પગલા લેવાની માંગ કરી હતી. જેને હાઈકોર્ટે ફગાવી દીધીહતી. મંત્રાલયના અધિકારીઓએ કહ્યુ હતુ કે લોક સ્વાથ્ય રાજ્યોનો વિષય છે. રાજ્ય સરકારોને આરોગ્યના ક્ષેત્રમાં યોગ્ય અને ટકાઉ સુધારા કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવુ જોઈએ. રાજ્ય સરકારો વસ્તી વિસ્ફોટને કાબુમાં લેવા માટે ખાસ દરમિયાનગીરીની સાથે સાથે કેટલાક પગલા ભરી શકે છે. બીજી બાજુ કોર્ટે પણ પોતાની સ્પષ્ટ રજૂઆત કરી હતી. હાઈકોર્ટે ત્રીજી સપ્ટેમ્બરના દિવસે અરજી ફગાવી દઈને કહ્યુ હતુ કે કાનુન બનાવવા માટેનુ કામ સંસદનુ છે. રાજ્ય વિધાનસભામાં કાનુન બનાવવામાં આવી શકે છે. ઉપરોક્ત અરજીમાં દલીલ આપવામાં આવી હતી કે ભારતની વસ્તી હવે ચીન કરતા વધારે થઈ ચુકી છે. તેમજ ૨૦ ટકા ભારતીય લોકોની પાસે આધાર કાર્ડ નથી.

કેન્દ્ર સરકાર તરફથી સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવામાં આવ્યાબાદ આ વિષયને લઈને દેશના નિષ્ણાંતોમાં ફરી એકવાર જોરદાર ચર્ચા છેડાઈ ગઈ છે. કેન્દ્ર સરકાર વસ્તી વિસ્ફોટને કાબુમાં લેવા માટે કેટલાક ખાસ પગલા લઈ શકે છે. આ મામલે પ્રાયોગિક લાભની વાત થઈ શકે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ વસ્તી વિસ્ફોટને લઈને ચિંતા વ્યક્ત કરી ચુક્યા છે. સાથે સાથે તમામ લોકો સારી રીતે જાણે છે કે વસ્તી વિસ્ફોટ એક પ્રકારની આફત સમાન છે. આના કારણે ગરીબી અને બેરોજગારીની સમસ્યા વધારે ગંભીર બની રહી છે.



Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

Learn Ethical Hacking & Cyber Security

WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

TRAINING BY:- THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com

# બ્રિટનના અનેક ભાગોમાં પૂર । ૪૦૦થી વધુ વીજળી પડવાની ઘટનાથી ફફડાટ





બ્રિટન : બ્રિટનના દક્ષિણ ઈંગ્લેન્ડ અને ઈસ્ટ મિડલેંડ્સમાં ખરાબ હવામાનથી ભારે નુકસાન થયું છે. અચાનક થયેલા ભારે વરસાદ, કરા અને વીજળી પડવાને કારણે અનેક વિસ્તારોમાં પૂર આવ્યું છે.આકાશમાંથી વીજળી પડવાની ૪૦૦ ઘટનાઓથી લોકો ભયભીત છે. હવામાન વિભાગે જણાવ્યું છે કે વરસાદ ૨૦ મિનિટથી લઈને એક કલાક સુધી ચાલુ રહ્યો હતો. હવામાન વિભાગે ભવિષ્યવાણી કરી છે કે વધતા કલાયમેટ ચેન્જને કારણે આવી ઘટનાઓ વધવાની સંભાવના છે. બ્રિટનના હવામાન વિભાગે જણાવ્યું છે કે કેટલાક વિસ્તારોમાં પૂર પણ આવ્યું છે. જ્યારે નેશનલ હાઈવેએ જણાવ્યું છે કે શનિવારના યોર્કશાયરમાં એમ-૧૮ના કેટલાક ભાગ બંધ કરી દેવામાં આવ્યા હતાં. વાર્વિકની પાસે એમ-૪૦ના કેટલાક ભાગોને પણ બંધ રાખવામાં આવ્યા હતાં. હવામાન વૈજ્ઞાનિક એલી ગ્લેઝિયરે જણાવ્યું હતું કે લંડન અને બકિંઘમશાયરના કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ સાથે તોફાન આવ્યો હતો.તેમણે એ પણ જણાવ્યું હતું કે વરસાદનું સ્તર મહત્તમ ૧૦ થી ૧૫ મિલીમીટરની વચ્ચે હતું અને આ વરસાદ ૨૦ મિનિટથી લઈને એક કલાક સુધી ચાલુ રહ્યું હતું. હવામાન વિભાગે જણાવ્યું હતું કે શનિવારે લગભગ ૩૦૦ થી ૪૦૦ વીજળી પડવાની ઘટનાઓ જોવા મળી હતી. આ ઘટના એવા સમયે જોવા મળી છે જ્યારે બ્રિટનમાં ૧૯૭૨પછીનો સૌથી ગરમ દિવસ જોવા મળ્યો હતો.

## જસપ્રીત કૌરે તોડ્યો રાષ્ટ્રીય રેકોર્ડ, શીતલ દેવીએ જીત્યો ગોલ્ડ મેડલ



। નવીદિલ્હી, તા.૨૪ ।

ખેલો ઈન્ડિયા પેરા ગેમ્સના ચોથા દિવસે પંજાબ પાવરલિફ્ટર જસપ્રીત કૌરે ૪૫ કિગ્રા વર્ગમાં શાનદાર પ્રદર્શન કરીને પોતાનો જ રાષ્ટ્રીય રેકોર્ડ તોડીને ગોલ્ડ મેડલ જીત્યો. તેણીએ ૧૦૧ કિલો વજન ઉપાડીને એક નવો રેકોર્ડ બનાવ્યો, જેનાથી તે આ વર્ષે કેઆઈપીજી ખાતે રેકોર્ડ તોડનાર પ્રથમ ખેલાડી બની. અગાઉ, ૨૦૨૩ ની આવૃત્તિમાં પણ, કૌરે આ જ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો અને તે સમયે ૧૦૦ કિલો વજન ઉપાડીને રેકોર્ડ બનાવ્યો હતો. પુરુષોના ૫૪ કિગ્રા વજન વર્ગમાં, મનીષે ૧૬૬ કિગ્રા વજન ઉપાડીને નવો રાષ્ટ્રીય રેકોર્ડ પણ બનાવ્યો. કુલ ૧૩૨ ગોલ્ડ મેડલ જીત્યા છે. તમિલનાડુ અને હરિયાણા ૨૪-૨૪ ગોલ્ડ મેડલ સાથે સંયુક્ત રીતે મેડલ ટેલીમાં પ્રથમ ક્રમે છે, જ્યારે રાજસ્થાન અને ઉત્તર પ્રદેશ અનુક્રમે ૧૭ અને ૧૬ ગોલ્ડ મેડલ સાથે બીજા ક્રમે છે. ૩૧ વર્ષીય જસપ્રીત કૌરે પોતાના પ્રદર્શન પર ખુશી વ્યક્ત કરી અને કહ્યું કે તે આ વખતે પોતાને વધુ સારી રીતે સાબિત કરવા માંગે છે. માત્ર બે વર્ષમાં, તેણે ૧૬ કિલો વધુ વજન ઉપાડવાની સિદ્ધિ હાંસલ કરી, જે સરળ નહોતું. કૌરે માત્ર સખત તાલીમ જ નહીં, પણ નવી તકનીકો પણ અપનાવી અને પોતાના આહારમાં ફેરફાર કરીને ફિટનેસ પર ખાસ ધ્યાન આપ્યું.

રૂપિયો બાહ્ય આંચકાઓ, ખાસ કરીને ક્રૂડ ઓઇલના ભાવમાં વધઘટ માટે સંવેદનશીલ રહે છે

## અમેરિકન ડોલર સામે ભારતીય રૂપિયો વધુ મજબૂત થઈને ૮૫.૯૦ ઉપર પહોંચી ગયો!!

**આંતરબેંક વિદેશી વિનિમય બજારમાં, ડોલર સામે રૂપિયો ૮૫.૯૩ પર ખુલ્યો, પછી થોડો વધારો થયો અને ૮૫.૮૬ પર પહોંચ્યો, જે તેના પાછલા બંધ દર કરતા ૧૨ પૈસા વધુ હતો**

। નવીદિલ્હી, તા.૨૪ ।

અમેરિકન ડોલર સામે ભારતીય રૂપિયો વધુ મજબૂત થઈને ૮૫.૯૦ પર પહોંચી ગયો. રૂપિયો ૯ જાન્યુઆરી, ૨૦૨૫ પછીના ઉચ્ચતમ સ્તર તરફ આગળ વધી રહ્યો છે. આંતરબેંક વિદેશી વિનિમય બજારમાં, ડોલર સામે રૂપિયો ૮૫.૯૩ પર ખુલ્યો, પછી થોડો વધારો થયો અને ૮૫.૮૬ પર પહોંચ્યો, જે તેના પાછલા બંધ દર કરતા ૧૨ પૈસા વધુ હતો.રૂપિયો અમેરિકન ડોલર સામે ૩૮ પૈસા વધીને ૮૫.૯૮ પર બંધ થયો. વિશ્લેષકો કહે છે કે રૂપિયાના મૂલ્યમાં વધારો, જેના કારણે તે આ મહિને શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર મુખ્ય એશિયન ચલણ બન્યો છે, તેનાથી સેન્ટિમેન્ટને વેગ મળ્યો છે. વિદેશી રોકાણપ્રવાહ અને સુધરતી સ્થિતિમાં રૂપિયાને વેગ મળ્યો છે, જે લગભગ ચાર વર્ષમાં તેના શ્રેષ્ઠ માસિક પ્રદર્શન માટે તૈયાર છે.તાજેતરના વધારા છતાં, રૂપિયો બાહ્ય આંચકાઓ, ખાસ કરીને ક્રૂડ ઓઈલના ભાવમાં વધઘટ માટે સંવેદનશીલ રહે છે, એમ સીઆર ફોરેક્સ એડવાઈઝર્સના એમડી અમિત પાબારીએ પીટીઆઈના અહેવાલમાં જણાવ્યું હતું. મધ્ય પૂર્વમાં ભૂ-રાજકીય તણાવ વધતાં બ્રેન્ટ ક્રૂડ ૭૨ પ્રતિ બેરલ તરફ આગળ વધ્યું.દરમિયાન, શુક્રવારે વિદેશી સંસ્થાકીય




રોકાણકારોએ ચોખ્ખા ધોરણે રૂ. ૭,૪૭૦ કરોડનું રોકાણ કર્યું. ૩૬ કરોડ રૂપિયાના શેર ખરીદ્યા. આ પ્રવાહ મુખ્યત્વે એફટીએસઈ માર્ચ સમીક્ષા અને મજબૂત ભંડોળ એકત્રીકરણ પ્રવૃત્તિ દ્વારા પ્રેરિત હતો. જાહેર ક્ષેત્રના સાહસોએ રૂ. ૧૪,૦૦૦ કરોડ એકત્ર કર્યા, જ્યારે ભારતીય રાજ્યોએ દેવા વેચાણ દ્વારા રૂ. ૪૦,૧૦૦ કરોડ એકત્ર કર્યા.બ્લૂમબર્ગના ડેટા અનુસાર, વિદેશી રોકાણમાં સુધારો અને ક્રૂડ ઓઈલના ભાવમાં ઘટાડો થવાને કારણે, માર્ચમાં અત્યાર સુધીમાં ચલણમાં ૧.૮૩ ટકાનો વધારો થયો છે, કારણ કે ડોલર ઈન્ડેક્સમાં ઘટાડો થયો છે. નિષ્ણાતો કહે છે કે કોઈપણ ઉછાળો વેપારીઓ માટે વેચાણની તકો ઊભી કરી શકે છે, જ્યારે બજારની સ્થિતિમાં અનુકૂળ ફેરફાર રૂપિયાને ૮૫.૫૦ ના સ્તર તરફ લઈ જઈ શકે છે, અમેરિકન ડોલર સામે ભારતીય રૂપિયો વધુ મજબૂત થઈને ૮૫.૯૦ પર પહોંચી ગયો. રૂપિયો ૯ જાન્યુઆરી, ૨૦૨૫ પછીના ઉચ્ચતમ સ્તર તરફ આગળ વધી રહ્યો છે. આંતરબેંક વિદેશી વિનિમય બજારમાં, ડોલર સામે રૂપિયો ૮૫.૯૩ પર ખુલ્યો, પછી થોડો વધારો થયો અને ૮૫.૮૬ પર પહોંચ્યો, જે તેના પાછલા બંધ દર કરતા ૧૨ પૈસા વધુ હતો.

**ટાસ્ક ફોર્સની રચના**

## વિદ્યાર્થીઓની આત્મહત્યાના કેસમાં સુપ્રીમ કોર્ટે કાર્યવાહી કરી

**ટાસ્ક ફોર્સ શૈક્ષણિક ,એમ્સ,આઇઆઇટી,એનઆઇટી અને અન્ય યુનિવર્સિટીઓમાં જાતિગત ઉત્પીડનના આરોપોની તપાસ કરશે**

। નવીદિલ્હી, તા.૨૪ ।

દેશભરની શૈક્ષણિક સંસ્થાઓમાં વિદ્યાર્થીઓમાં વધતી આત્મહત્યાના મુદ્દાની તપાસ કરવા માટે સુપ્રીમ કોર્ટે ભૂતપૂર્વ ન્યાયાધીશ જસ્ટિસ એસ રવિન્દ્ર ભટના નેતૃત્વમાં એક ટાસ્ક ફોર્સની રચના કરી છે. આ ટાસ્ક ફોર્સ શૈક્ષણિક ,એમ્સ,આઈઆઈટી,એનઆઈટી અને અન્ય યુનિવર્સિટીઓમાં જાતિગત ઉત્પીડનના આરોપોની તપાસ કરશે. વાસ્તવમાં, સુપ્રીમ કોર્ટે આ આદેશ વર્ષ ૨૦૨૩ માં દિલ્હી આઈઆઈટીના બે વિદ્યાર્થીઓના મૃત્યુની તપાસની માંગ કરતી અરજી પર સુનાવણી કરતી વખતે આપ્યો છે. સુપ્રીમ કોર્ટે દિલ્હી પોલીસને ૨૦૨૩ માં જીઝ/જી્ સમુદાયના બે આઈઆઈટી-દિલ્હી વિદ્યાર્થીઓના મૃત્યુની તપાસ કરવાનો આદેશ આપ્યો છે.છેલ્લી સુનાવણી દરમિયાન, સુપ્રીમ કોર્ટે અનુસૂચિત જાતિ શ્રેણીના બે વિદ્યાર્થીઓના માતા-પિતા દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર નોટિસ જારી કરી હતી.

આ વિદ્યાર્થીઓનું મૃત્ય આઈઆઈટી દિલ્હીમાં થયું હતું. વિદ્યાર્થીઓના માતા-પિતાએ તેમની અરજીમાં એફઆઈઆર નોંધવાની અને કેન્દ્રીય એજન્સી દ્વારા મૃત્યુની તપાસની માંગ કરી છે. આ અરજી ૨૦૨૪ માં દિલ્હી હાઈકોર્ટ દ્વારા ફગાવી દેવામાં આવી હતી.બંને અરજદારોના પુત્રો આઈઆઈટી દિલ્હીમાં બી.ટેકના વિદ્યાર્થીઓ હતા અને તેમનું વર્ષ ૨૦૨૩ માં આઈઆઈટી દિલ્હી કેમ્પસમાં અવસાન થયું હતું.

અરજદારોએ આરોપ લગાવ્યો હતો કે બંને વિદ્યાર્થીઓ અનુસૂચિત જાતિ સમુદાયના હતા અને તેથી તેઓ ભેદભાવનો સામનો કરી રહ્યા હતા. અરજીમાં એવી પણ આશંકા વ્યક્ત કરવામાં આવી છે કે વિદ્યાર્થીઓની હત્યા કરવામાં આવી છે.

અરજીમાં જણાવાયું છે કે વારંવાર ફરિયાદ કરવા છતાં પોલીસે કોઈ કાર્યવાહી કરી નથી દેશભરની શૈક્ષણિક સંસ્થાઓમાં વિદ્યાર્થીઓમાં વધતી આત્મહત્યાના મુદ્દાની તપાસ કરવા માટે સુપ્રીમ કોર્ટે ભૂતપૂર્વ ન્યાયાધીશ જસ્ટિસ એસ રવિન્દ્ર ભટના નેતૃત્વમાં એક ટાસ્ક ફોર્સની રચના કરી છે. આ ટાસ્ક ફોર્સ શૈક્ષણિક ,એમ્સ,આઈઆઈટી,એનઆઈટી અને અન્ય યુનિવર્સિટીઓમાં જાતિગત ઉત્પીડનના આરોપોની તપાસ કરશે.

## ભારતને ઘણી વખત ઓસ્કાર એવોર્ડથી વંચિત રાખવામાં આવ્યું છે : દીપિકા પાદુકોણ



। મુંબઇ, તા.૨૪ ।

બોલિવૂડની પ્રખ્યાત અભિનેત્રી દીપિકા પાદુકોણે તાજેતરમાં ઓસ્કાર એવોર્ડ્સ પર પોતાના વિચારો વ્યક્ત કર્યા. દીપિકા, જેણે ઓસ્કાર ૨૦૨૩ માં પોતાની હાજરીથી હેડલાઈન્સમાં સ્થાન મેળવ્યું હતું, તેણે એક વીડિયો શેર કર્યો જેમાં તેણે ભારતીય ફિલ્મોને ઓસ્કારમાં માન્યતા ન મળવા પર પોતાનું દુઃખ વ્યક્ત કર્યું. આ વીડિયો તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર પોસ્ટ કરવામાં આવ્યો છે.તાજેતરમાં ભારતીય ફિલ્મો 'ઓલ વી ઈમેજિન એઝ લાઈટ' અને 'મિસિંગ લેડીઝ' ને વૈશ્વિક પ્લેટફોર્મ પર ઘણી પ્રશંસા મળી છે. જોકે, આ ફિલ્મોને ઓસ્કાર ૨૦૨૫ ની અંતિમ યાદીમાં સ્થાન મળ્યું ન હતું, જેનાથી ભારતીય ચાહકોના દિલ તૂટી ગયા. આ દરમિયાન, દીપિકાએ તેના વીડિયોમાં ઓસ્કાર સંબંધિત એક પ્રશ્નનો જવાબ આપ્યો. તેમને પૂછવામાં આવ્યું, ''તમારા માટે કયો ઓસ્કાર જીત ખાસ હતો?'' દીપિકાએ કહ્યું કે તે ૫૧ વર્ષીય અભિનેતા એડ્રિયન બ્રોડીની જીતથી ખૂબ જ ખુશ છે. એડ્રિયનને આ વર્ષે ફિલ્મ 'ધ બ્રુટાલિસ્ટ' માટે તેનો બીજો ઓસ્કાર જીત્યો. આ પહેલા તેમણે ૨૦૦૩માં 'ધ પિયાનિસ્ટ' માટે ઓસ્કાર જીત્યો હતો. મેક-અપ સેશન દરમિયાન, દીપિકાએ કહ્યું, ''હું એડ્રિયન બ્રોડી માટે ખૂબ જ ખુશ છું.''દીપિકાએ ભારતીય ફિલ્મો અને પ્રતિભાને ઓસ્કારમાં માન્યતા ન મળવા વિશે ખુલ્લેઆમ વાત કરી.

## ઓટીટી રાઈટ્સના વાંકે જાહ્નવીની ફિલ્મની રીલિઝ પાછળ ઠેલાઈ

। મુંબઇ,તા.૨૪ ।

જાહ્નવી કપૂરની રામચરણ સાથેની ફિલ્મ 'આરસી૧૬'ની રીલિઝ આવતાં વર્ષ પર પાછી ઠેલાઈ ગઈ છે. ઓટીટી રાઈટ્સનો મુદ્દો ઉપસ્થિત થયા બાદ આ ફિલ્મની રીલિઝ પાછી ઠેલાઈ છે. જાણવા મળ્યા મુજબ ફિલ્મના સ્ટ્રિમિંગ રાઈટ્સ 'નેટફિલક્સ' દ્વારા ખરીદવામાં આવ્યા છે. તે પછી નેટફિલક્સએ ફિલ્મની રીલિઝ હાલ મુલત્વી રાખવા ફરજ પડી હોવાનું કહેવાય છે. આ નિર્ણય પાછળનું કારણ નેટફિલક્સ ફિલ્મમાં કોઈ ફેરફારો કરાવવા માગે છે કે કેમ તે વિશે ચર્ચા ચાલી રહી છે. જાહ્નવીની કારકિર્દીની આ બીજી તેલુગુ ફિલ્મ છે. બોલીવૂડમાં લગાતાર ફ્લોપ ગયા બાદ તે સાઉથની ફિલ્મો કરીને પણ પોતાની કારકિર્દીનું ગાડું ગબડાવી રહી છે. આ ફિલ્મમાં 'મિર્ઝાપુર' વેબ સીરિઝના કલાકાર દિવ્યેન્દુ પણ મહત્વની ભૂમિકા છે. જાહ્નવી કપૂરની રામચરણ સાથેની ફિલ્મ 'આરસી૧૬'ની રીલિઝ આવતાં વર્ષ પર પાછી ઠેલાઈ ગઈ છે. ઓટીટી રાઈટ્સનો મુદ્દો ઉપસ્થિત થયા બાદ આ ફિલ્મની રીલિઝ પાછી ઠેલાઈ છે. જાણવા મળ્યા મુજબ ફિલ્મના સ્ટ્રિમિંગ રાઈટ્સ 'નેટફિલક્સ' દ્વારા ખરીદવામાં આવ્યા છે. તે પછી નેટફિલક્સએ ફિલ્મની રીલિઝ હાલ મુલત્વી રાખવા ફરજ પડી હોવાનું કહેવાય છે. આ નિર્ણય પાછળનું કારણ નેટફિલક્સ ફિલ્મમાં કોઈ ફેરફારો કરાવવા માગે છે.

## પાકિસ્તાન અને બલુચિસ્તાનમાં સંઘર્ષ વધુ તીવ્ર । અલગ-અલગ હુમલામાં ૪ પોલીસકર્મીઓ સહિત ૮ લોકોના મોત નિપજ્યાં

। કરાચી, તા.૨૪ ।

પાકિસ્તાન અને બલુચિસ્તાન વચ્ચેનો સંઘર્ષ વધુ વ્યાપક બન્યો છે. પોલીસ અને જનતા વચ્ચે થયેલી અથડામણમાં ૪ પોલીસકર્મીઓ સહિત ૮ લોકોના મોત થયા છે. આમાં ચાર મજૂરોનો પણ સમાવેશ થાય છે. બલુચિસ્તાન પ્રાંતમાં અલગ અલગ ઘટનાઓમાં અજાણ્યા બંદૂકધારીઓએ ચાર પોલીસકર્મીઓ અને ચાર મજૂરોની હત્યા કરી હોવાના અહેવાલ છે. પહેલી ઘટના શનિવારે નોશકી શહેરના ગરીબાબાદ વિસ્તારમાં બની હતી, જ્યાં મોટરસાઈકલ પર આવેલા બંદૂકધારીઓએ પેટ્રોલિંગ પોલીસ ટીમ પર ગોળીબાર કર્યો હતો, જેમાં ચાર પોલીસકર્મીઓના મોત થયા હતા.બીજો હુમલો કલાતના માંગોચર શહેરના મલંગઝાઈ વિસ્તારમાં થયો હતો, જેમાં પંજાબ પ્રાંતના ચાર મજૂરોના મોત થયા હતા. પોલીસ અધિકારી હાશિમ ખાને મીડિયાને જણાવ્યું કે પોલીસકર્મીઓના મૃતદેહને હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા છે અને પોલીસે વિસ્તારને ઘેરી લીધો છે અને હુમલાખોરોની શોધખોળ માટે કાર્યવાહી શરૂ કરી છે. કલાતના ડેપ્યુટી પોલીસ કમિશનર જમીલ બલોચે જણાવ્યું હતું કે બીજા હુમલામાં અસરગ્રસ્ત મજૂરો પંજાબ પ્રાંતના સાદિકબાદના રહેવાસી હતા અને બોરવેલ ખોદવામાં રોકાયેલા હતા. અત્યાર સુધી કોઈ પણ સંગઠને આ હુમલાની જવાબદારી લીધી નથી. બલુચિસ્તાન પોસ્ટ દ્વારા શેર કરાયેલા એક વીડિયો અનુસાર, પાકિસ્તાનના ક્વેટામાં પોલીસે વિરોધીઓને સીધા માથામાં ગોળી મારી હોવાનો એક વીડિયો સામે આવ્યો છે. વીડિયોમાં જોઈ શકાય છે કે પોલીસ સીધી ગોળીબાર કરતી જોવા મળે છે. બલુચિસ્તાનમાં વિરોધીઓ સામે હિંસાની ઘટનાઓમાં સૌથી વધુ લોકો ઘાયલ થયા છે.

**ઈઝરાયલ અને હમાસ વચ્ચે** યુદ્ધ ફરી એકવાર મધ્ય પૂર્વમાં ભયંકર સ્વરૂપ લેવા જઈ રહ્યું છે

## ગાઝા હુમલામાં અત્યાર સુધીમાં ૫૦,૦૦૦ થી વધુ લોકોનાં મોત

। દેઇર અલ-બલાહ,તા.૨૪ ।

ઈઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધવિરામ તૂટી ગયા બાદ ફરી યુદ્ધ શરૂ થયું છે. હવે આ યુદ્ધ ફરી એકવાર મધ્ય પૂર્વમાં ભયંકર સ્વરૂપ લેવા જઈ રહ્યું છે. છેલ્લા ૫ દિવસમાં ગાઝામાં ઈઝરાયલી હુમલામાં ૬૦૦ થી વધુ લોકો માર્યા ગયા છે. તે જ સમયે, લેબનોનમાં થયેલા તાજેતરના હુમલામાં મોટી સંખ્યામાં લોકો માર્યા ગયા છે. ગાઝા પરના હુમલાના જવાબમાં, હમાસના આતંકવાદીઓ, યમનના હુથીઓ અને લેબનોનના હિઝબુલ્લાહ લડવૈયાઓ સંયુક્ત રીતે ઈઝરાયલ પર હુમલો કરી રહ્યા છે. દરમિયાન, ગાઝાના આરોગ્ય મંત્રાલયે યુદ્ધમાં મૃત્યુનું ભયાનક ચિત્ર



દર્શાવતો ડેટા જાહેર કર્યો છે. ગાઝા કહે છે કે ઈઝરાયલ-હમાસ યુદ્ધમાં ૫૦,૦૦૦ થી વધુ પેલેસ્ટિનિયનો માર્યા ગયા છે.

ગાઝાના આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે યુદ્ધમાં અત્યાર સુધીમાં ૧,૧૩,૦૦૦ થી વધુ લોકો ઘાયલ થયા છે. રવિવારે શેર કર્યું. આ આંકડામાં ગયા અઠવાડિયે યુદ્ધવિરામ સમાપ્ત થયા પછી ઈઝરાયલ દ્વારા કરવામાં આવેલા અચાનક હવાઈ હુમલામાં માર્યા ગયેલા ૬૭૩ મૃતકોનો સમાવેશ થાય છે. મંત્રાલયે સ્પષ્ટ કર્યું નથી કે મૃતકોમાં કેટલા નાગરિકોનો સમાવેશ થાય છે અને કેટલા લડવૈયાઓ હતા.

ઘણા મહિનાઓથી ચાલી રહેલા યુદ્ધમાં જે શાંતિ હતી તેને ફરી એકવાર અશાંતિએ વેગ આપ્યો છે. ગાઝા પરના હુમલાના વિરોધમાં યમનના હુથીઓ ઈઝરાયલ પર સતત મિસાઈલો અને રોકેટથી હુમલો કરી રહ્યા છે. ઈઝરાયલને પણ આમાં ઈરાનની સંડોવણીની શંકા છે. આ કારણે ઈઝરાયલ અને ઈરાન વચ્ચે પણ તણાવ વધવા લાગ્યો છે. તે જ સમયે, દક્ષિણ લેબનોનથી ઈઝરાયલ પર રોકેટ અને મિસાઈલો પણ છોડવામાં આવી રહી છે. ઈઝરાયલમાં હવાઈ હુમલાના સાયરન સતત વાગતા જોઈ શકાય છે. જવાબમાં, ઈઝરાયલી સેના પણ હમાસ અને હિઝબુલ્લાહ સહિત હુથીઓના ઠેકાણાઓ પર ઝડપી હુમલા કરી રહી છે.

ખરેખર, આ સંગઠનો સાથે ઈઝરાયલનું યુદ્ધ ખૂબ જૂનું છે. પરંતુ ૭ ઓક્ટોબર ૨૦૨૩ ના રોજ, હમાસના આતંકવાદીઓએ અચાનક ઈઝરાયલ પર મોટો હુમલો કર્યો. આમાં, હમાસે ૧૨૦૦ થી વધુ ઈઝરાયલીઓને મારી નાખ્યા. ઉપરાંત, ૨૩૮ લોકોને બંધક બનાવવામાં આવ્યા હતા. આનાથી ગુસ્સે થઈને, ઈઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ હમાસ પર મોટા હુમલાનો આદેશ આપ્યો. લગભગ દોઢ વર્ષ સુધી ચાલેલા આ યુદ્ધમાં, ઈઝરાયલી સેનાએ ગાઝાને ખંડેરમાં ફેરવી દીધું.

બંને દેશો દ્વિપક્ષીય વેપાર કરાર માટે એક માળખા પર કામ કરી રહ્યા છે

વિદેશ મંત્રી એસ જયશંકર અને વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે યુએસ ટ્રેડ ટેરિફના મુદ્દા પર વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી હતી

## ભારત-અમેરિકા બંને ટૂંક સમયમાં ટેરિફ મુદ્દાના કરાર ઉપર પહોંચશે

। નવીદિલ્હી,તા.૨૪ ।

ભારત અને અમેરિકા વચ્ચે વેપાર સંબંધિત મુદ્દાઓના ઉકેલ માટે વાતચીત ચાલી રહી છે. બંને દેશો દ્વિપક્ષીય વેપાર કરાર માટે એક માળખા પર કામ કરી રહ્યા છે. દરમિયાન, આજે વિદેશ મંત્રી એસ જયશંકર અને વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે યુએસ ટ્રેડ ટેરિફના મુદ્દા પર વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી હતી.ચાલો તમને જણાવી દઈએ કે ટેરિફ એ આયાત ડ્યુટી છે. આ ફી સરકાર દ્વારા વસૂલવામાં આવે છે અને એકત્રિત કરવામાં આવે છે. કંપનીઓએ વિદેશી માલ દેશમાં લાવવા માટે આ ફી ચૂકવવી પડે છે.અમેરિકાના વરિષ્ઠ વેપાર અધિકારી ૨૫ માર્ચથી ભારતના પ્રવાસે તે જ સમયે, દક્ષિણ અને મધ્ય એશિયા માટે યુએસ સહાયક વેપાર પ્રતિનિધિ બ્રેન્ડન લિંચ મંગળવારથી ભારતની પાંચ દિવસની મુલાકાતે આવશે. ભારતની મુલાકાત દરમિયાન, તેઓ બંને દેશો વચ્ચે વેપાર અને કસ્ટમ સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરશે. લિંચની મુલાકાત અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારત પર બદલો લેવાના ટેરિફ લાદવાની જાહેરાત વચ્ચે આવી છે. ટ્રમ્પે ૨ એપ્રિલથી



આ ડ્યુટી લાદવાની જાહેરાત કરી છે.ભારતની મુલાકાત દરમિયાન, વરિષ્ઠ અમેરિકી અધિકારી વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલ સાથે વાતચીત કરશે અને સાથે જ અનેક વરિષ્ઠ ભારતીય અધિકારીઓને પણ મળશે. આ સમયગાળા દરમિયાન, દ્વિપક્ષીય વેપાર કરારનું માળખું તૈયાર કરવા માટે બંને પક્ષો વચ્ચે વાટાઘાટો થવાની પણ અપેક્ષા છે. આ કરાર ભારત અને અમેરિકા વચ્ચે ટેરિફ અને બજાર ઍક્સેસ સંબંધિત મુદ્દાઓનું નિરાકરણ લાવશે.''લિંચ દ્વિપક્ષીય વેપાર ચર્ચાના ભાગ રૂપે ભારતીય વાટાઘાટકારો સાથે મુલાકાત કરવા માટે ૨૫-૨૯ માર્ચ દરમિયાન યુએસ સરકારી અધિકારીઓની ટીમ સાથે ભારતમાં રહેશે,'' એક યુએસ અધિકારીએ જણાવ્યું હતું. ''અમે વેપાર અને રોકાણના મુદ્દાઓ પર ભારત સરકાર સાથેના અમારા જોડાણને મહત્વ આપીએ છીએ અને આ ચર્ચાઓને રચનાત્મક, ન્યાયી અને ભવિષ્યલક્ષી રીતે ચાલુ રાખવા માટે આતુર છીએ,'' યુએસ અધિકારીએ જણાવ્યું હતું. શુક્રવારે ભારતે કહ્યું હતું કે તે ટેરિફ અને બજાર ઍક્સેસ સંબંધિત મુદ્દાઓને સંબોધિત કરતી દ્વિપક્ષીય વેપાર સોદા માટે એક માળખું બનાવવા માટે યુએસ સાથે વાતચીત કરી રહ્યું છે. ભારત અને અમેરિકા વચ્ચે વેપાર સંબંધિત મુદ્દાઓના ઉકેલ માટે વાતચીત ચાલી રહી છે. બંને દેશો દ્વિપક્ષીય વેપાર કરાર માટે એક માળખા પર કામ કરી રહ્યા છે.

મોટાભાગની જગ્યાઓ ભરાયેલી હોવાથી કામગીરી પર કોઈ મોટી અસર નથી

# રાજયમાં તાલુકા વિકાસ અધિકારીની ૨૪૮ માંથી ૨૦૫ ની જગ્યાઓ ભરાયેલી : રાજ્યમંત્રી

## ખાલી પડેલી ૪૩ જગ્યાઓમાંથી ૮ જગ્યાઓ પર ટૂંક સમયમાં નિમણૂક કરવામાં આવશે : બચુ ખાબડ



। પ્રતિનિધિ, ગાંધીનગર,તા.૨૪ ।

ગુજરાત વિધાનસભા ગૃહમાં પૂછાયેલા પ્રશ્નના જવાબમાં પંચાયત રાજ્યમંત્રી બચુ ખાબડે જણાવ્યું હતું કે રાજયમાં તાલુકા વિકાસ અધિકારીઓની કુલ ૨૪૮ જગ્યાઓમાંથી ૨૦૫ જગ્યાઓ ભરાયેલી છે. આમ, મોટાભાગની જગ્યાઓ ભરાયેલી હોવાથી કામગીરી પર કોઈ મોટી અસર નથી. જો કે, હજુ પણ ૪૩ જેટલી જગ્યાઓ ખાલી છે, જેને ભરવા માટે સરકાર સક્રિય છે.

મંત્રી ખાબડે વધુમાં માહિતી આપતા જણાવ્યું કે ખાલી પડેલી ૪૩ જગ્યાઓમાંથી ૮ જગ્યાઓ પર ટૂંક સમયમાં નિમણૂક કરવામાં આવશે. આ પ્રક્રિયા અંતિમ તબક્કામાં છે અને ટૂંક સમયમાં નિમણૂક પત્રો આપવામાં આવશે. આ ઉપરાંત, સીધી ભરતી દ્વારા ભરવાની થતી અન્ય જગ્યાઓ માટે પણ કાર્યવાહી ચાલી રહી છે.

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા સીધી ભરતીથી ભરવાની ૧૧ જગ્યાઓનો વર્ષ ૨૦૨૩-૨૪ની જાહેરાતમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ ભરતી પ્રક્રિયા પણ ટૂંક સમયમાં પૂર્ણ થશે તેવી આશા છે. એટલું જ નહીં, બાકી રહેલી ૩૦ જગ્યાઓ ભરવા માટેની માગણી પણ તાજેતરમાં જ, એટલે કે ૧લી જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ ગુજરાત જાહેર સેવા આયોગને મોકલી આપવામાં આવી છે. આ દર્શાવે છે કે સરકાર ખાલી જગ્યાઓને ઝડપથી ભરવા માટે ગંભીર છે.

રાજ્યમંત્રીએ વિધાનસભા ગૃહને માહિતી આપતા જણાવ્યું કે વર્ષ ૨૦૧૭થી લઈને જાન્યુઆરી, ૨૦૨૫ સુધીના સમયગાળા દરમિયાન કુલ ૧૩૪ જગ્યાઓ સીધી ભરતી દ્વારા ભરવામાં આવી છે. આ ઉપરાંત, ખાતાકીય બઢતી દ્વારા કુલ ૩૬૬ જગ્યાઓ ભરવામાં આવી છે. આમ, છેલ્લા કેટલાક વર્ષોમાં ભરતી અને બઢતીના માધ્યમથી મોટી સંખ્યામાં તાલુકા વિકાસ અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે.

આ સિવાયની સીધી ભરતીથી ભરવાની અન્ય જગ્યાઓમાંથી ૧૧ જગ્યાઓનો ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪ની જાહેરાતમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ જ રીતે બીજી ૩૦ જગ્યાઓ માટે તા. ૧લી જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ આયોગને માગણી મોકલી આપવામાં આવી છે તેમ રાજ્યમંત્રીએ જણાવ્યું હતું.

ભીષણ ગરમીના કારણે સ્વાસ્થ્યની કાળજી લેવી જરૂરી બની

# વડોદરામાં ભીષણ ગરમીથી ૩ લોકોનાં મોત નિપજ્યા હોવાનું સામે આવ્યું

## ગતવર્ષે વડોદરા હીટવેવના લીધે લાગેલા હીટસ્ટ્રોકના કારણે ૯ના મોત થયા હતા, આ મોત ગભરામણ, હાર્ટએટેક, હીટસ્ટ્રોકથી થયા હતા




। પ્રતિનિધિ, વડોદરા, તા.૨૪ ।

વડોદરામાં ભીષણ ગરમીથી ૩ લોકોનાં મોત નિપજ્યા હોવાનું સામે આવ્યું છે. જેમાં આજવા રોડ, ખોડિયાર નગર, છાણીમાં એક-એકનું મોત નિપજ્યું છે. ભીષણ ગરમીના કારણે સ્વાસ્થ્યની કાળજી લેવી જરૂરી બની ગઈ છે.ગતવર્ષે વડોદરા હીટવેવના લીધે લાગેલા હીટસ્ટ્રોકના કારણે ૯ના મોત થયા હતા. આ મોત ગભરામણ, હાર્ટએટેક, હીટસ્ટ્રોકથી થયા હતા. છેલ્લા કેટલાક દિવસોથી કાળઝાળ ગરમીને કારણે જીઈબીના લાઈન ઈન્સ્પેક્ટર સહિત નવના મોત થયા હતા.જીઈબીના લાઈન ઈન્સ્પેક્ટર અને માંજલપુરના વૃદ્ધ ઘરમાં અચાનક જ ઢળી પડ્યા હતા. તાલુકા પોલીસમાં ફરજ પર હાજર કોન્સ્ટેબલ અને બકરી માટે પાલો તોડવા ગયેલા યુવકની તબિયત અચાનક બગડ્યા પછી તેમના મોત થયા હતા.આ ઉપરાંત જીજી ટેનામેન્ટના રાજેન્દ્રભાઈ કાળુભાઈ બારિયા, સુરેશભાઈ મંગળભાઈ વસાવા, લક્ષ્મીપુરાના તીર્થ એપાર્ટમેન્ટના અનિલ હોટચંદ રાજપાલ, તરસાલીના પિયુષ રામબાબુ સુની, ભાયલી પોલીસ લાઈનના મહેન્દ્ર ભાણાભાઈ, ગોત્રી દીનદયાલ નગરના મીનાબેન જયેશભી દરબારના ગરમીથી મોત થયા હતા.લૂ લાગવા, માથાના દુઃખાવા, બેભાન થવાના લક્ષણો જોવા મળી રહ્યા છે. હોસ્પિટલોમાં ગરમીના કારણે લૂ, હીટસ્ટ્રોકના કેસો વધુ આવે છે. હવામાન વિભાગની આગાહી મુજબ, ૨૫ માર્ચ સુધીમાં રાજ્યના મહત્તમ તાપમાનમાં ૨ થી ૩ ડિગ્રીનો વધારો થવાની સંભાવના છે.

## વડોદરાના વાઘોડિયામાં ૧.૫૯ લાખ પ્રતિબંધિત ટ્રામાડોલ ટેબ્લેટ ઝડપાઇ

। પ્રતિનિધિ, વડોદરા,તા.૨૪ ।

વડોદરાના વાઘોડિયા વિસ્તારમાં પ્રતિબંધિત દવાનો મોટો જથ્થો ઝડપાઈ છે.એસઓજી દ્વારા હાથ ધરવામાં આવેલી આ કાર્યવાહીમાં ૧.૫૯ લાખ ટ્રામાડોલ ટેબલેટ મળી આવી, જેનું કાળાબજારમાં વેચાણ કરવામાં આવી રહ્યું હતું. આ મામલે બે આરોપીની ધરપકડ કરવામાં આવી છે, અને કુલ ૩૨.૩૨ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.આ કિસ્સામાં ઓકલેન્ડ ફાર્મસીમાંથી દવાઓનું ગેરકાયદેસર વેચાણ ચાલી રહ્યું હતું, જેના આધારે પોલીસે તપાસ શરૂ કરી.

# સુરતમાં લાંચ-તોડ કેસમાં છેલ્લા ૮ વર્ષમાં ૯ કોર્પોરેટર કે તેમના સગાસંબંધીઓ પકડાયા


## સુરતમાં રાજકારણી લાંચ લેતા ઝડપાયા હોય તેવો પહેલો મોટો કિસ્સો ૨૦૦૧માં બન્યો હતો

। પ્રતિનિધિ, સુરત, તા.૨૪ ।

હાલમાં સુરત મહાનગરપાલિકામાં આપમાંથી ચૂંટણી જીતેલા એક કોર્પોરેટરે ટેમ્પરરી સ્ટ્રકચર તોડવાની ધમકી આપીને પૈસા પડાવ્યાની ફરિયાદ બાદ તેની ધરપકડ થઈ છે. આ પહેલા આપના બે કોર્પોરેટરો ૧૦ લાખ રૂપિયાની લાંચ કેસમાં ઝડપાયા હતા. વર્ષ ૨૦૧૮થી અત્યાર સુધીમાં કોર્પોરેટરો કે તેમના સંબંધી મળી કુલ ૯ સામે લાંચ લેવાના કેસ નોંધાયા છે. સુરતમાં હાલમાં આરટીઆઈ એક્ટિવિસ્ટ સામે તોડ કરવાની ફરિયાદ નોંધી તેમની ધરપકડ કરવામાં આવી રહી છે. આ વચ્ચે હાલમાં સુરતમાં આપમાંથી ચૂંટણી જીતેલા રાજેશ મોરડિયા સામે તોડની ફરિયાદ નોંધાતા તેમની ધરપકડ થઈ છે. આ પહેલાં ૨૦૧૮થી ૨૦૨૫ની વચ્ચે અનેક કોર્પોરેટરોએ ગેરકાયદે બાંધકામ, કોન્ટ્રાક્ટર કે અન્ય કામગીરી માટે લાંચ લીધી હોવાની ફરિયાદ છે. પરંતુ હેરાનગતિના ડરથી લોકો કે કોન્ટ્રાક્ટરો ફરિયાદ કરતા ન હતા. હાલમાં રાજેશ મોરડિયાની ધરપકડ બાદ મહાનગરપાલિકાની સામાન્ય સભામાં અનેક કોર્પોરેટરો અને પદાધિકારીઓ સામે લાંચના આક્ષેપ થયાં છે. જેથી તેમના જીવ પણ ઉચાટે છે. જો કોઈ ફરિયાદ કરે તો તેમની પણ ધરપકડ થાય તેવી શક્યતા હોવાથી લાંચ લીધી છે, પરંતુ ફરિયાદ થઈ નથી અને પકડાયા નથી.સુરત જ નહી પરંતુ ગુજરાતમાં લાંચના અનેક કિસ્સા બને છે તેમાં સુરતમાં રાજકારણી લાંચ લેતા ઝડપાયા હોય તેવો પહેલો મોટો કિસ્સો ૨૦૦૧માં બન્યો હતો.














ગ્રામ્ય વિસ્તારના પત્રકારો માટે ઝડપી લેવા જેવી તક

અમદાવાદમાં ન્યૂઝ મીડિયા ક્ષેત્રે કરિયર બનાવો

ગુજરાતી ભાષામાં પ્રભુત્વ ધરાવતા અને મેટ્રો શહેર અમદાવાદમાં મીડિયા ક્ષેત્રમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા પત્રકારો, કોપી એડિટર, સબ એડિટર, પેજમેકર, ડીઝાઈનર સહિતના મીડિયા કર્મચારીઓને લોક પત્રિકા દૈનિક આવકારે છે

છ મહિના સુધી પ્રિન્ટ અને ઈલેક્ટ્રિક મિડિયાની ટ્રેનિંગ આપવામાં આવશે

ગુજરાતના વિવિધ જિલ્લાના સ્થાનિક લોકલ ન્યૂઝ પેપર, યૂટ્યૂબ અથવા લોકલ ચેનલમાં કામ કરતા પત્રકાર મિત્રો માટે સુવર્ણ તક..

લોક પત્રિકા

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

સંપર્ક । 98252 52125



વધુ માહિતી માટે અમારે વેબસાઈટની મુલાકાત લો... www.lokpatrika.in






Printer, Publisher & Owner : Avesh K. Malaviya, Printed at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and Published From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. Mob.98252 52125 Email : lokpatrikadaily@gmail.com website : www.lokpatrika.in Editor : Avesh K. Malaviya